“ રવિવારની સાપ્તાહિક પૂર્તિ ”

રસધાર

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 । Issue- 56 । AD - 2026, Kartak Vad-06 । Sunday, Dt. 29-11-2026 । Editor : Vasant Movliya : Phone : (02792) 225225 । E-mail : sanjognews@gmail.com । Page-08 Price : Rs.3-00

વિશેષ સત્ર પહેલાં વીડિયો સંદેશ દ્વારા નારી શક્તિને આપ્યો વિશ્વાસ, કહ્યું- મહિલાઓની સંસદ અને વિધાનસભામાં ભાગીદારી વધારવાના પ્રયાસોને કોઈ રોકી શકશે નહીં

મહિલા અનામતના રસ્તામાં આવતી દરેક અડચણ દૂર કરીશ : મોદી

નવી દિલ્હી,તા.૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદના આગામી વિશેષ સત્ર પહેલાં મહિલા અનામતના મુદ્દે વિપક્ષને સ્પષ્ટ સંદેશ આપ્યો છે. વડાપ્રધાને સોશિયલ મીડિયા પર વીડિયો સંદેશ જાહેર કરીને જણાવ્યું હતું કે દેશની નારી શક્તિના આશીર્વાદ તેમની સાથે છે અને મહિલા અનામતના અમલીકરણના માર્ગમાં આવતી દરેક અડચણ દૂર કરવામાં આવશે. તેમણે મહિલા અનામતનો વિરોધ કરતી રાજકીય પાર્ટીઓ પર નિશાન સાધતાં કહ્યું હતું કે મહિલાઓની સંસદ અને વિધાનસભાઓમાં ભાગીદારી વધારવાના પ્રયાસોને કોઈ રોકી શકશે નહીં. કેન્દ્ર સરકાર મહિલા અનામત કાયદાના અમલીકરણ અને સીમાંકન સાથે જોડાયેલા પ્રસ્તાવો અંગે સંસદમાં નવેસરથી આગળ વધવાની તૈયારી કરી રહી છે. આ દરમિયાન ૩૦ નવેમ્બરથી લોકસભા અને ૨ ડિસેમ્બરથી રાજ્યસભાની બેઠક પ્રસ્તાવિત છે. આ વિશેષ સત્ર પહેલાં વડાપ્રધાનના નિવેદનને રાજકીય રીતે મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.વીડિયો સંદેશમાં વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે મહિલા અનામત માટેની લડાઈ દાયકાઓથી ચાલી રહી છે અને તેઓ પણ લાંબા સમયથી આ દિશામાં પ્રયાસો કરી રહ્યા છે. દેશની મહિલાઓ સતત તેમની સમક્ષ આ મુદ્દો ઉઠાવતી રહી છે. અનેક બહેનોએ પત્રો લખીને મહિલા અનામત અંગે પોતાની લાગણીઓ અને અપેક્ષાઓ વ્યક્ત કરી છે.વડાપ્રધાને વધુમાં કહ્યું હતું કે દેશની ૧૦૦ ટકા નારી શક્તિના આશીર્વાદ અમારી સાથે



છે. દેશની દરેક મહિલાને વિશ્વાસ અપાવું છું કે મહિલા અનામતના રસ્તામાં આવતી દરેક અડચણને દૂર કરીને રહીશું. સરકારનો ઉત્સાહ બુલંદ છે, હિંમત અતૂટ છે અને ઇરાદો અડગ છે. મહિલા અનામતનો વિરોધ કરતી પાર્ટીઓ મહિલાઓની સંસદ અને વિધાનસભાઓમાં ભાગીદારી વધારવાના પ્રયાસોને રોકી શકશે નહીં. તેમણે પોતાના સંદેશના અંતમાં ‘વક્ત કા ઈન્તઝાર હૈ’ કહીને આગામી રાજકીય પગલાં અંગે સંકેત આપ્યો હતો.

શું છે નારી શક્તિ વંદન અધિનિયમ?

મહિલાઓને લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં ૩૩ ટકા અનામત આપવાના હેતુથી સપ્ટેમ્બર ૨૦૨૩માં સંસદે નારી શક્તિ વંદન અધિનિયમ પસાર કર્યો હતો. આ કાયદા હેઠળ લોકસભા અને રાજ્ય વિધાનસભાઓની કુલ બેઠકોમાંથી એક તૃતીયાંશ બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાની જોગવાઈ છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે અનામત બેઠકોમાં પણ એક તૃતીયાંશ બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે.જોકે, કાયદો પસાર થયા બાદ પણ તેનો તાત્કાલિક અમલ થઈ શક્યો નથી. કાયદામાં મહિલા અનામતને આગામી વસ્તી ગણતરીના આંકડા અને ત્યારબાદ થનારી સીમાંકન પ્રક્રિયા સાથે જોડવામાં આવી છે. આ જોગવાઈને કારણે મહિલા અનામતનો વાસ્તવિક અમલ ક્યારે થશે તે અંગે અનિશ્ચિતતા ઊભી થઈ છે. અગાઉ ૨૦૨૯ની લોકસભા ચૂંટણી પહેલાં તેનો અમલ થશે કે નહીં તે અંગે પણ સવાલો ઊભા થયા હતા. હવે વિશેષ સત્રમાં સરકાર કયા પ્રસ્તાવો રજૂ કરે છે અને વિપક્ષનું વલણ શું રહે છે તેના પર દેશની નજર મંડાયેલી છે.

સીમાંકન બિલ મુદ્દે INDIA ગઠબંધનમાં તિરાડ, શરદ પવાર સામે મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રહાર

નવી દિલ્હી,તા.૨૮

સંસદના વિશેષ સત્ર પહેલાં સીમાંકન (પરિસીમન) બિલને લઈને વિપક્ષી **INDIA** ગઠબંધનમાં આંતરિક મતભેદો સપાટી પર આવ્યા છે. આ મુદ્દે સંયુક્ત રણનીતિ ઘડવા શનિવારે બોલાવવામાં આવેલી ગઠબંધનની બેઠકથી શરદ પવારની પાર્ટી **NCP(SP)**એ અંતર જાળવ્યું હતું. **NCP(SP)** સીમાંકન બિલના મુદ્દે **NDA** સરકારને સમર્થન આપી રહી હોવાથી મહારાષ્ટ્ર કોંગ્રેસમાં નારાજગી જોવા મળી રહી છે. કોંગ્રેસના નેતાઓએ શરદ પવારના વલણ સામે સવાલો ઉઠાવ્યા છે.મહારાષ્ટ્ર કોંગ્રેસના વરિષ્ઠ નેતા વિજય વડેટ્ટીવારે શરદ પવારની પાર્ટીના વલણને દુર્ભાગ્યપૂર્ણ ગણાવી આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે પવારે પોતાના સિધ્ધાંતો સાથે સમાધાન કરીને વિપક્ષની પીઠમાં છરો ભોંક્યો છે. વડેટ્ટીવારે પવારની રાજકીય વિચારધારા સામે પણ સવાલ ઉઠાવતાં તેમની સ્થિતિને પાણી વગરની માછલી જેવી ગણાવી હતી.વધુમાં તેમણે કહ્યું હતું કે લોકશાહીનો નાશ કરનારાઓની યાદીમાં શરદ પવારનું નામ પણ સામેલ થશે. **NCP** સત્તા મેળવવા માટે રાજનીતિ કરે છે અને સત્તા છોડવા માગતી નથી. માત્ર ૧૦ ધારાસભ્યોના આધારે મુખ્યમંત્રી પદની માગણી કરવી હાસ્યાસ્પદ છે. જનતા તેમને યોગ્ય જવાબ આપશે તેવો દાવો પણ તેમણે કર્યો હતો. આ નિવેદનથી મહારાષ્ટ્રના રાજકારણમાં સીમાંકન બિલને લઈને રાજકીય ગરમાવો વધ્યો છે.



ઉત્તરાખંડમાં વાન ૩૦૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી, ડ્રાઈવર સહિત ૮ લોકોનાં મોત

પૌડી,તા.૨૮

ઉત્તરાખંડના પૌડી જિલ્લાના રિખાનીખાલ બ્લોકમાં શનિવારે ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. રિખાનીખાલ-સતપુલી મોટર માર્ગ પર કલવાડી ગામ નજીક એક ઈકો વાન બેકાબૂ થઈ લગભગ ૩૦૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકતાં ડ્રાઈવર સહિત આઠ લોકોનાં મોત થયાં હતાં. મૃતકોમાં સાત મહિલાઓનો સમાવેશ થાય છે. અકસ્માતમાં ઘાયલ થયેલી એક મહિલાનું રિખાનીખાલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. વાહનમાં આશરે ૧૨ લોકો સવાર હોવાનું જાણવા મળ્યું છે.



મળતી માહિતી મુજબ, રિખાનીખાલ બ્લોકના કોટનાલી ભંગળવાણની સ્વયં સહાયતા સમૂહ સાથે જોડાયેલી મહિલાઓ બેંક સંબંધિત કામ માટે રિખાનીખાલ ગઈ હતી. કામ પૂર્ણ કરીને ઈકો વાનમાં ગામ પરત ફરી રહી હતી ત્યારે કલવાડી નજીક વાહનચાલકે કાબૂ ગુમાવતાં વાન ઊંડી ખીણમાં ખાબકી હતી.અમસ્માતની જાણ થતાં સ્થાનિક ગ્રામજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી શરૂ કરી હતી. ત્યારબાદ રિખાનીખાલ, લેન્સડોન અને કોટદ્વારથી વહીવટી તંત્રના અધિકારીઓ પણ પહોંચ્યા હતા. મૃતદેહોને બહાર કાઢી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યારે ગંભીર રીતે ઘાયલ એક વ્યક્તિને એરલિફ્ટ કરીને એમ્સ ઋષિકેશ લઈ જવાની વ્યવસ્થા કરવામાં આવી રહી હતી.

૪૫ હજાર કરોડની પરિયોજના પૂર્ણ, ૨૩ મહિનામાં નીલગિરિ ક્લાસનાં તમામ સાત યુધ્ધજહાજો નૌસેનાને સોંપાયાં

ભારતીય નૌસેનાને મળ્યું અંતિમ યુધ્ધજહાજ INS વિંધ્યગિરિ

કોલકાતા,તા.૨૮

ભારતીય નૌસેનાની તાકાતમાં વધુ વધારો થયો છે. પ્રોજેક્ટ **17A** હેઠળનું સાતમું અને અંતિમ યુધ્ધજહાજ **INS** વિંધ્યગિરિ શુક્રવારે ભારતીય નૌસેનાને સોંપવામાં આવ્યું હતું. કોલકાતાના ગાર્ડનરીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ લિમિટેડ (**GRSE**) ખાતે આ યુધ્ધજહાજની ડિલિવરી કરવામાં આવી હતી. આ સાથે જ નીલગિરિ ક્લાસનાં તમામ સાત આધુનિક યુધ્ધજહાજો નૌસેનાના કાફલામાં સામેલ કરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ છે.આશરે રૂ. ૪૫ હજાર કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલી પ્રોજેક્ટ ૧૭૭ પરિયોજના ભારતીય સંરક્ષણ ક્ષેત્ર માટે મહત્ત્વપૂર્ણ સિદ્ધિ માનવામાં આવે છે. માત્ર ૨૩ મહિનાના સમયગાળામાં તમામ સાત યુધ્ધજહાજો નૌસેનાને સોંપવામાં આવ્યાં છે. આ યુધ્ધજહાજો સ્વદેશી ટેક્નોલોજી અને આધુનિક સંરક્ષણ ક્ષમતાઓથી સજ્જ છે. **INS** વિંધ્યગિરિ અત્યાધુનિક શસ્ત્રો અને સંરક્ષણ પ્રણાલીઓથી સજ્જ છે. તેમાં બ્રહ્મોસ ક્રૂઝ મિસાઈલ અને બરાક-૮ એન્ટી-એરક્રાફ્ટ મિસાઈલ તૈનાત કરવાની ક્ષમતા છે. આ ઉપરાંત યુધ્ધજહાજમાં સ્ટેલ્થ ટેક્નોલોજી, આધુનિક રડાર અને અત્યાધુનિક યુધ્ધ વ્યવસ્થાપન પ્રણાલી લગાવવામાં આવી છે.



આ આધુનિક સુવિધાઓના કારણે **INS** વિંધ્યગિરિ દુશ્મનનાં યુધ્ધજહાજો, લડાકુ વિમાનો અને સબમરીનો સામે અસરકારક રીતે મુકાબલો કરી શકશે. આ યુધ્ધજહાજના સામેલ થવાથી દરિયાઈ સુરક્ષા, દેખરેખ અને હુમલાની ક્ષમતામાં વધારો થશે. પ્રોજેક્ટ **17A**ની પૂર્ણાહુતિ ભારતીય નૌસેનાના આધુનિકીકરણ તરફનું મહત્ત્વપૂર્ણ પગલું છે.

ભારતમાં દર અઠવાડિયે સરેરાશ ૩,૬૧૮ સાયબર હુમલા

સરકારી સંસ્થાઓ, બેંકો અને ખાનગી કંપનીઓ સાયબર ગુનેગારોના નિશાન પર

નવી દિલ્હી,તા.૨૮

દેશમાં ડિજિટલ ટેક્નોલોજીના વધતા ઉપયોગની સાથે સાયબર અપરાધનું જોખમ પણ વધી રહ્યું છે. તાજેતરના અહેવાલ મુજબ, ૨૫ મે થી ૧૬ નવેમ્બર ૨૦૨૬ દરમિયાન ભારતીય સરકારી સંસ્થાઓ, બેંકો અને ખાનગી કંપનીઓ પર દર અઠવાડિયે સરેરાશ ૩,૬૧૮ સાયબર હુમલા નોંધાયા છે. આ આંકડો વૈશ્વિક સરેરાશ ૨,૪૩૫ હુમલા કરતાં નોંધપાત્ર રીતે વધારે છે. સાયબર હુમલાઓમાં વધારાને પગલે દેશની ડિજિટલ સુરક્ષા સામે ગંભીર પડકાર ઊભો થયો છે. સંસ્થાઓના ડેટા, નાણાકીય વ્યવહારો અને મહત્ત્વપૂર્ણ માહિતીની સુરક્ષા માટે સાયબર સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાની જરૂરિયાત ઊભી થઈ છે.





સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
02
રવિવાર, તા.૨૯-૧૧-૨૦૨૬

૩. ૧૫ કરોડના ખર્ચે સ્ટેટ રોડનું નિર્માણ થવાથી સ્થાનિક લોકોને અવરજવરમાં સરળતા મળશે

મહેશ કસવાળાના હસ્તે સા.કુંડલા પંથકમાં સ્ટેટ રોડનું ખાતમુહૂર્ત

સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓના વિકાસને વેગ આપવાના હેતુથી ગાધકડા ગામ ખાતે રૂ. ૧૫ કરોડના ખર્ચે નિર્માણ થનાર પીઠવડી-ગાધકડા-ગણેશગઢ-વિજપડી સ્ટેટ રોડનું ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ માર્ગના નિર્માણથી પીઠવડી, ગાધકડા, ગણેશગઢ, વિજપડી સહિત આસપાસનાં અનેક ગામોના નાગરિકોને પરિવહનની ઉત્તમ સુવિધા ઉપલબ્ધ થશે. લાંબા સમયથી ગ્રામ્ય વિસ્તારોમાં સારી માર્ગ સુવિધાની જરૂરિયાત અનુભવાતી હતી. ત્યારે રૂ. ૧૫ કરોડના ખર્ચે આ સ્ટેટ રોડનું નિર્માણ થવાથી સ્થાનિક લોકોને અવરજવરમાં સરળતા મળશે. માર્ગનું કામ પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓને શાળા-કોલેજ સુધી પહોંચવામાં, ખેડૂતોને પોતાની ખેતપેદાશો બજાર સુધી લઈ જવામાં તેમજ વેપારીઓને માલસામાનની હેરફેરમાં નોંધપાત્ર સુવિધા મળશે. આ ઉપરાંત દર્દીઓને આરોગ્ય સેવાઓ માટે નજીકનાં શહેરો અને આરોગ્ય કેન્દ્રો સુધી પહોંચવામાં સરળતા રહેશે. ગામડાંઓ વચ્ચેનો



સંપર્ક વધુ મજબૂત બનશે અને શૈક્ષણિક, સામાજિક તથા આર્થિક પ્રવૃત્તિઓને પણ વેગ મળશે. સારા માર્ગો કોઈપણ વિસ્તારના વિકાસનો પાયો છે ત્યારે આ માર્ગનું નિર્માણ ગ્રામ્ય વિસ્તારની પ્રગતિમાં મહત્વપૂર્ણ સાબિત થશે. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના પ્રયાસોથી સાવરકુંડલા-લીલીયા વિધાનસભા મતવિસ્તારમાં માર્ગ, પુલ, શિક્ષણ, આરોગ્ય, પાણી સહિતનાં વિવિધ વિકાસકાર્યોને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. રૂ. ૧૫ કરોડના ખર્ચે નિર્માણ થનાર આ માર્ગ પણ તાલુકાના વિકાસમાં મહત્વપૂર્ણ ઉમેરો બની રહેશે.

આ પ્રસંગે તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોબરિયા, મહામંત્રી ચંદ્રેશ રામાણી, સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડના ચેરમેન દીપકભાઈ માલાણી, તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ મુકેશભાઈ મહીડા, મુકેશભાઈ આદ્રોજા, જિલ્લા પંચાયતના ભીખુભાઈ વાઘમશી, ઉદ્યોગપતિ ગોવિંદભાઈ કયાડા, તાલુકા પંચાયતના સભ્યો, સરપંચો, સંગઠનના હોદ્દેદારો તથા ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

અપમાનજનક ટિપ્પણી કરવા બાબતે વડિયામાં લેઉવા પટેલ સમાજના યુવાનોએ કાર્યવાહી કરવા માંગ કરી

વડિયા,તા.૨૮

વડિયા ખાતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક પર લેઉવા કણબી પટેલ સમાજ વિરુધ્ધ અભદ્ર અને અપમાનજનક ટિપ્પણી કરવામાં આવતાં સમાજમાં ભારે રોષ ફેલાયો છે. આ મામલે સમાજના યુવાનો અને આગેવાનો એકજૂથ થઈ પોલીસ સમક્ષ લેખિત સામૂહિક અરજી રજૂ કરી હતી. જાહેર



માધ્યમમાં સમગ્ર સમાજની માતાઓ અને બહેનો વિશે કરવામાં આવેલી અશોભનીય ટિપ્પણીને સમાજે ગંભીરતાથી લીધી હતી. રજૂઆતમાં જવાબદાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) તથા લાગુ પડતા આઈટી એક્ટ હેઠળ તપાસ કરી કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. સમાજના આગેવાનોએ જણાવ્યું હતું કે સમાજના સ્વાભિમાન અને મહિલાઓના સન્માન સાથે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં. બંધારણ અને કાયદામાં વિશ્વાસ રાખીને ન્યાય મેળવવા લડત ચાલુ રહેશે.

જાફરાબાદના નાના અને મોટા લોઠપુરમાં દૂષિત પીવાના પાણીની ફરિયાદથી ગ્રામજનોમાં રોષ

જાફરાબાદ,તા.૨૮

જાફરાબાદ તાલુકાનાં નાના અને મોટા લોઠપુર ગામમાં પીવાના પાણીની ગુણવત્તા અંગે ગ્રામજનોએ ગંભીર ફરિયાદો ઉઠાવી છે. બંને ગામના લોકોને દૂષિત પાણી મળતું હોવાનો આક્ષેપ થતાં ગ્રામજનોમાં રોષ ફેલાયો છે. પીવાના પાણીની ગુણવત્તા સામે સવાલો ઊઠતાં તંત્ર દ્વારા તાત્કાલિક યોગ્ય કાર્યવાહી



કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.ગ્રામજનોએ પાણીના નમૂના એકત્ર કરીને માન્ય લેબોરેટરીમાં તેની તપાસ કરાવવાની માંગ કરી છે. આ ઉપરાંત ગામોમાં પાણીની લાઈનો, પુરવઠાની વ્યવસ્થા અને પાણી વિતરણની સમગ્ર પ્રક્રિયાનું નિરીક્ષણ કરવામાં આવે તેવી રજૂઆત કરી છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ, લોકોને શુધ્ધ અને સુરક્ષિત પીવાનું પાણી મળી રહે તે માટે તંત્રએ તાત્કાલિક પગલાં ભરવાં જોઈએ. બંને ગામોમાં શુધ્ધ પીવાના પાણીની કાયમી વ્યવસ્થા ઊભી કરવાની માંગ પણ કરવામાં આવી છે.

વડિયાના તોરી ગામના ચાર શિક્ષકોની બદલી થતા વિદાયમાન અપાયુ

તોરી,તા.૨૭

વડિયા તાલુકાના તોરી ગામે ફરજ બજાવતા ચાર શિક્ષકોની બદલી થતા આઝાદ યુવક મંડળ દ્વારા વિદાયમાન અપાયુ હતુ. તોરી ગામની શાળાના આચાર્ય મુકેશભાઈ ભાયાણીના અધ્યક્ષસ્થાને વિદાય સમારંભ કાર્યક્રમ યોજાયો હતો. શાળામાં ફરજ બજાવતા જયભાઈ ત્રિવેદીની પીટીસી શિક્ષક તરીકે બદલી થઈ છે. જયારે સ્નેહલબેન ઘાડીયા, જાગૃતિબેન ગોહેલ અને મંજુલાબેન ચૌધરીની પણ બદલી થતા તેમને ભવ્ય વિદાયમાન અપાયુ હતુ. જયારે બે શિક્ષકો હાજર થતા તેમને આવકાર આપવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રતીભાઈ સાબલપરાએ કર્યુ હતુ.



હૈદરાબાદમાં ૧૦ દિવસીય પ્રિ-આર.ડી. કેમ્પ પૂર્ણ કર્યો

અમરેલી,તા.૨૮

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજની એન.એસ.એસ. સ્વયંસેવિકા ભાદરકા રેણુએ હૈદરાબાદ ખાતે તા. ૧૦ થી ૧૯ નવેમ્બર દરમિયાન યોજાયેલા ૧૦ દિવસીય રાષ્ટ્રીય પ્રિ-આર. ડી. કેમ્પને સફળતાપૂર્વક પૂર્ણ



કર્યો હતો. કોલેજ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને રાજ્યકક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ગુજરાતની ટીમમાં સ્થાન મેળવનાર રેણુએ કેમ્પમાં પરેડ, શિસ્ત, નેતૃત્વ, સેવાભાવ અને રાષ્ટ્રીય એકતાની તાલીમ મેળવી હતી.

આ સિદ્ધિ બદલ ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. વી.પી. સોરઠિયાએ અભિનંદન પાઠવ્યા હતા. એન. એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. નિરૂપા ટાંકનું માર્ગદર્શન મળ્યું હતું.

બાબરાના થોરખાણ ગામે બાળલગ્ન મુક્ત ભારત અભિયાન અંતર્ગત કેન્ડલ લાઈટ કાર્યક્રમ યોજાયો

બાબરા,તા.૨૮

બાબરા તાલુકાના થોરખાણ ગામે આંતરરાષ્ટ્રીય બાળ લગ્ન નાબૂદી દિવસ નિમિત્તે બાળ લગ્ન મુક્ત ભારત અભિયાન અંતર્ગત કેન્ડલ લાઈટ જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા કો-ઓર્ડિનેટર કેલાસબેન પરમારે ગાયત્રી સેવા



સંસ્થાનની કામગીરી, બાળ સુરક્ષા અને બાળ અધિકારો અંગે માહિતી આપી હતી. કાર્યક્રમમાં બાળ લગ્ન, બાળ મજૂરી, પોક્સો અધિનિયમ તથા ચાઈલ્ડ હેલ્પલાઈન ૧૦૯૮ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ કેન્ડલ પ્રગટાવી ગ્રામજનોને બાળ લગ્ન મુક્ત ભારતના નિર્માણ માટે સામૂહિક શપથ લેવડાવવામાં આવ્યા હતા. સૂત્રોચ્ચાર સાથે જનજાગૃતિ રેલી પણ યોજાઈ હતી.



-//મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૫૫/૨૦૨૬ તા.૦૪/૧૧/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. શીલ્પાબેન શંભુભાઈ ઢોલરીયા વાઈફ ઓફ ભરતભાઈ પદમાણી
રહે. નાના ઝીંઝુડા તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી મોટા ભમોદ્રા, તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી શીલ્પાબેન શંભુભાઈ ઢોલરીયાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૭૮ ના રોજ મુ.મોટા ભમોદ્રા તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૧૧/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૬૬, E-mail: carcarerushi@rediffmail.com

-//મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૫૪/૨૦૨૬ તા.૦૪/૧૧/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. ખુમાણ બાબાભાઈ વાસુરભાઈ
રહે. સેંજળ તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી સેંજળ, તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર ખુમાણ અનિરૂધ્ધભાઈ બાબાભાઈનો જન્મ તા.૨૩/૦૬/૨૦૦૨ ના રોજ મુ.સેંજળ તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૧૧/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી ૧૧ ॥ ॥ શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ॥
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
● શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
● નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
● પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - 3, પટેલ વાડી
શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક,
લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

અમરેલી તાલુકામાં ખાતરના ભાવ ઘટ્યા છતાં જૂના ભાવે વેચાતું હોવાથી રોષ

અમરેલી,તા.૨૮

અમરેલી તાલુકામાં ખાતરના ભાવમાં ઘટાડો થયો હોવા છતાં કેટલાક વિક્રેતાઓ દ્વારા ખેડૂતો પાસેથી જૂના ભાવે નાણાં વસૂલાતા હોવાની ફરિયાદો ઉઠી છે. ભારતીય જનતા પાર્ટી અમરેલી તાલુકાના મહામંત્રી હિરેન સોજીત્રાએ જિલ્લા ખેતીવાડી અધિકારીને પત્ર લખી આ બાબતે તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરી છે. પત્રમાં જણાવાયું છે કે એક ખેડૂત પાસેથી ખાતર ખરીદીના બિલની નકલ પણ પ્રાપ્ત થઈ છે, જેમાં જૂના ભાવે નાણાં વસૂલાયાનું જણાય છે. ખેડૂતો પહેલેથી જ ખેતીના વધતા ખર્ચ અને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે, ત્યારે આ રીતે જૂના ભાવે ખાતર વેચવું અન્યાય સમાન ગણાવાયું છે. રજૂઆતમાં તાલુકાના તમામ ખાતર વેચાણ કેન્દ્રો પર તપાસ કરવા, જૂના અને નવા સરકારી ભાવની ચકાસણી કરવા તથા ભાવ ઘટાડા બાદ પણ જૂના ભાવે વેચાણ કરતા વેપારીઓ સામે કાર્યવાહી કરવા માંગ કરાઈ છે. ઉપરાંત, ખેડૂતો પાસેથી વધારાના વસૂલાયેલા નાણાં પરત અપાવવા અને ભવિષ્યમાં આવી છેતરપિંડી ન થાય તે માટે જરૂરી સૂચનાઓ આપવા રજૂઆત કરવામાં આવી છે.

ભાજપ તાલુકા મહામંત્રી હિરેન સોજીત્રાએ જિલ્લા ખેતીવાડી અધિકારીને પત્ર લખી કાયદેસરની કાર્યવાહી કરવા રજૂઆત કરી

જનક તળાવીયાના હસ્તે લાઠી પંથકના ૯ ગામોમાં ૩.૧૧.૧૯ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ

લાઠી,તા.૨૮



લાઠી-બાબરા-દામનગર મતવિસ્તારના લાઠી પંથકનાં આંબરડી, દહીથરા, ઠાંસા, તાજપર, લાઠી, ગોવિંદપુર, આંસોદર, માલવિયા પીપરિયા અને કેરાળા સહિતનાં ૯ ગામોમાં ૩.૧૧.૧૯ કરોડનાં વિકાસકાર્યોનું ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ ભરતભાઈ સુતરીયા ઉપસ્થિત રહ્યા હતા. વિકાસકાર્યોમાં રસ્તા, તળાવ નવીનીકરણ, કોઝવે, પુલ, શાળા, પાણીની ટાંકી અને પૂર સંરક્ષણ દીવાલ સહિતનાં કામોનો સમાવેશ થાય છે. માલવિયા પીપરિયા ખાતે ૩.૪ કરોડના ખર્ચે બ્રિજ, ઠાંસા ખાતે ૩.૧.૨૦ કરોડના ખર્ચે માર્ગનું રીસરફેસિંગ તથા આંસોદર ખાતે ૩.૧.૧૫ કરોડના ખર્ચે બે માઈનોર બ્રિજનું કામ હાથ ધરાશે. આ વિકાસકાર્યોથી ગ્રામ્ય વિસ્તારોમાં પાયાની સુવિધાઓ મજબૂત બનશે. કાર્યક્રમમાં જિલ્લા અને તાલુકા પંચાયતના પદાધિકારીઓ, ભાજપના આગેવાનો, સરપંચો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

અમરેલીમાં ટ્રાન્સપોર્ટ વાહનોની નવી સિરીઝ માટે ઈ-ઓક્શન યોજાશે

અમરેલી, તા.૨૭

અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા ટ્રાન્સપોર્ટ વાહનોની નવી સિરીઝ **GJ 14 AT Z** ૦૦૦૧થી ૯૯૯૯ માટે ઈ-ઓક્શન યોજવામાં આવશે. આ માટે ઓનલાઈન અરજી તા.૨ ડિસેમ્બરના સાંજે ૪ થી તા.૪ ડિસેમ્બરના સાંજે ૪ વાગ્યા સુધી કરી શકાશે. બિડિંગ પ્રક્રિયા તા.૪ થી ૬ ડિસેમ્બર સુધી ચાલશે અને પરિણામ ૬ ડિસેમ્બરે જાહેર કરાશે. અરજદારોએ પરિવહન પોર્ટલ પર નોંધણી કરાવી યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે. સફળ અરજદારોએ પાંચ દિવસમાં બાકીની રકમ ભરવાની રહેશે. નિર્ધારિત સમયમર્યાદામાં નાણાં નહીં ભરનારની જમા રકમ જપ્ત કરાશે. ઈ-ઓક્શન અંગેનો માર્ગદર્શક વીડિયો યુટ્યુબ પર ઉપલબ્ધ છે. આ અંગે અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ યાદીમાં જણાવ્યું છે.

બાબાપુર નવોદય વિદ્યાલયના દરવાજા સામે ટ્રક ઘૂસી જતાં લોકોમાં અફરાતફરી

બાબાપુર, તા.૨૮

બાબાપુર નવોદય વિદ્યાલયના મુખ્ય દરવાજા સામે શનિવાર, તા.૨૮-૧૧-૨૦૨૬ના રોજ ટ્રક ઘૂસી જવાની ઘટના બનતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. મળતી માહિતી મુજબ બગસરા તરફથી એક લક્ઝરી બસ સામેથી આવી રહી હતી. આ દરમિયાન લક્ઝરી બસને રસ્તો આપવા માટે ટ્રક ચાલકે ટ્રકને સાઈડમાં લેવાનો પ્રયાસ કર્યો હતો.



તસવીર :હસુભાઇ રાવલ

જોકે, આ પ્રયાસ દરમિયાન ટ્રક ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં ટ્રક સીધી નવોદય વિદ્યાલયના દરવાજા સામે ઘૂસી ગઈ હતી. બનાવ સમયે ટ્રક ચાલક ટ્રકની અંદર જ બેઠેલા હતા. અચાનક બનેલી આ ઘટનાને પગલે આસપાસના લોકોમાં ગભરાટ ફેલાયો હતો. જોકે, સદનસીબે આ અકસ્માતમાં કોઈ મોટી જાનહાનિ થઈ નહોતી અને ટ્રક ચાલકનો આબાદ બચાવ થયો હતો. અત્રે નોંધનીય છે કે અમરેલીથી બગસરા સુધીનો નવીન માર્ગ ગોકળગાય ગતિએ ચાલતો હોવાથી છાશવારે અકસ્માતની ઘટના બનવા પામે છે.

સા.કુંડલાના જેસર રોડ રેલવે ફાટકના અંડરબ્રિજનું કામ શરૂ કરવાની માંગ

સાવરકુંડલા,તા.૨૮

સાવરકુંડલાના જેસર રોડ રેલવે ફાટક પર મંજૂર થયેલા અંડરબ્રિજનું કામ હજુ શરૂ ન થતાં સ્થાનિક નાગરિકોમાં રોષ ફેલાયો છે. ફાટક વારંવાર બંધ રહેતા વાહનોની લાંબી કતારો સર્જાય છે. ખાસ કરીને ટ્રાફિક જામમાં ૧૦૮ એમ્બ્યુલન્સ ફસાતાં દર્દીઓના જીવ જોખમાય છે. જાગૃત નાગરિકોએ ધારાસભ્ય મહેશભાઈને રજૂઆત કરી અંડરબ્રિજનું કામ વિલંબ કર્યા વગર યુધ્ધના ધોરણે શરૂ કરાવવાની માંગ કરી છે.

લીલીયા કોલેજમાં સંવિધાન ગૌરવ દિવસની ઉજવણી કરાઈ

લીલીયા,તા.૨૮

લીલીયા મોટા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે એન.એસ.એસ. અને જ્ઞાનધારા પ્રવૃત્તિ અંતર્ગત સંવિધાન ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી. કોલેજના આચાર્ય ડૉ. રાજેન્દ્રસિંહ રાઠોડે બંધારણના મહત્ત્વ, નાગરિકોના અધિકારો અને ફરજો અંગે માર્ગદર્શન આપ્યું હતું. આઈક્યુએસીના સંયોજક ડૉ. શબ્બીરભાઈ પરમારે પણ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. જ્ઞાનધારા પ્રવૃત્તિ અંતર્ગત ડૉ. મહેશભાઈ વાઘેલાના માર્ગદર્શન હેઠળ ઓનલાઈન ક્વિઝ-૨૦૨૬ યોજાઈ હતી, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. એન.એસ.એસ. કાર્યક્રમ અધિકારી ડૉ. વિરાજબેન રાઠોડે સંચાલન કર્યું હતું. અંતમાં બંધારણની પ્રસ્તાવનાનું સામૂહિક વાંચન કરી ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના મૂલ્યોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો.







અમરેલીમાં મોટરકારની નવી સિરીઝ GJ-14-BL માટે ઈ-ઓક્શન યોજાશે

અમરેલી,તા.૨૮

અમરેલી એ.આર.ટી.ઓ. કચેરી દ્વારા મોટરકારની નવી નંબર સિરીઝ **GJ-14-BL** (૦૦૦૧થી ૯૯૯૯) માટે ઈ-ઓક્શન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ માટે તા. ૨ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ સાંજે ૪ વાગ્યાથી તા. ૪ ડિસેમ્બરના સાંજે ૪ વાગ્યા સુધી ઓનલાઈન અરજી કરી શકાશે. જ્યારે બિડિંગ પ્રક્રિયા તા. ૪ ડિસેમ્બરના સાંજે ૪ વાગ્યાથી તા. ૬ ડિસેમ્બરના સાંજે ૪ વાગ્યા સુધી ચાલશે. ઓક્શનનું પરિણામ તા. ૬ ડિસેમ્બરે જાહેર કરાશે. ઈચ્છુક અરજદારોએ પરિવહન વિભાગની વેબસાઈટ પર નોંધણી કરાવી યુઝર આઈડી અને પાસવર્ડ તૈયાર રાખવાના રહેશે. નિયત સમયમર્યાદામાં રકમ નહીં ભરનારની જમા રકમ જપ્ત કરવામાં આવશે. વધુ માહિતી માટે યુટ્યુબ પર ઈ-ઓક્શન, આરટીઓ ગુજરાત સર્ચ કરી શકાશે.



:: જાહેર નોટીસ ::

આથી જાહેર જનતાને જણાવવાનું કે, કાન્તીભાઈ રાણાભાઈ રાદડીયા વગેરે પાસેથી ખરીદ કરેલ જમીન અમારા અસીલ શ્રી મનસુખભાઈ ગોકળભાઈ ગોયાણી, રહેવાસી-નવા પીપળીયા, તા. બગસરા, જી. અમરેલી ની માલિકી અને કબજા-ભોગવટાની જમીન જે મોજે: ડેરી પીપળીયા, તાલુકો: બગસરા, જિલ્લો: અમરેલી ની સીમમાં આવેલ, જેનો સર્વે નં. ૨૨૨/૨ જેનું, ક્ષેત્રફળ હેક્ટર ૨-૦૮-૪૧ આવેલ હતી. તેમની પાસેથી પ્રવીણભાઈ ગીરધરભાઈ પોકર અને જયેશભાઈ ગીરધરભાઈ પોકરએ વેચાણ રાખેલ છે.

સદરહુ જમીનનો કાન્તીભાઈ રાણાભાઈ રાદડીયા વગેરે પાસેથી ખરીદ કરેલ અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ જે સબ-રજીસ્ટ્રાર કચેરી-વડીયા ખાતે અનુક્રમ નંબર ૪૨૬ થી તારીખ ૦૫/૦૭/૨૦૦૬ ના રોજ નોંધાયેલ હતો, તે શરતચૂકથી ક્યાંક ખોવાઈ ગયેલ છે અને ઘણી શોધખોળ કરવા છતાં મળી આવેલ નથી.

જો કોઈ વ્યક્તિ, બેંક કે નાણાકીય સંસ્થાને સદરહુ અસલ દસ્તાવેજ મળી આવે, અથવા સદરહુ મિલકત કે દસ્તાવેજ ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, બોજો કે વાંધો હોય, તો આ નોટિસ પ્રસિદ્ધ થયાના દિન-૮ (આઠ) માં લેખિત પુરાવા સહિત નીચેના સરનામે જાણ કરવી. મુદત વીત્યે કોઈનો કોઈ વાંધો કે તકરાર નથી તેમ માની અમારા અસીલ સદરહુ દસ્તાવેજની નકલ મેળવવા તથા આગળની કાયદેસરની કાર્યવાહી કરશે, જેની નોંધ લેવી.

બગસરા, તા.૨૮/૧૧/૨૦૨૬ અસીલોની સુચના અને ફરમાઈશથી

અમારા મારફત:
રાકેશકુમાર સી. વઘાસીયા
(એડવોકેટ) મો.૯૬૦૧૫ ૯૧૪૮૧, ૮૮૪૯૮ ૫૪૮૨૭
શ્રીજી લો ચેમ્બર્સ, વ્રજ કોમ્પ્લેક્ષ, જેતપુર રોડ, બગસરા.





રાજકોટ ખાતે કાર્યશાળામાં અમરેલી જિલ્લા ભાજપના આગેવાનોએ માર્ગદર્શન મેળવ્યું

અમરેલી, તા. ૨૮

રાજકોટ શહેર ભાજપ કાર્યાલય 'શ્રી કમલમ્' ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષના સેવાકાળના સંદેશને જનજન સુધી પહોંચાડવાના ઉદ્દેશથી 'સેવાદૂત અભિયાન' અંતર્ગત સૌરાષ્ટ્ર ઝોનની વિશેષ કાર્યશાળા યોજાઈ હતી, જેમાં અમરેલી જિલ્લા ભાજપના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.



આ બેઠકમાં રાષ્ટ્રીય બક્ષીપંચ મોરચાના અધ્યક્ષ અમરપાલ મોર્યા, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી અને પ્રદેશ સંયોજક જયસિંહ ચૌહાણે અભિયાનની રૂપરેખા અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યશાળામાં અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી સહિત પ્રદેશ અને જિલ્લાના અગ્રણીઓ જોડાયા હતા. પ્રદેશ ભાજપની સૂચના મુજબ, સંગઠનને મજબૂત કરવા અને જનકલ્યાણકારી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવા અમરેલીના પાંચ સિનિયર આગેવાનો અન્ય જિલ્લામાં અને અન્ય જિલ્લાના પાંચ આગેવાનો અમરેલીમાં ૨૫ દિવસ રોકાણ કરશે.

અમરેલી શહેરના વેપારી સાથે રૂ.૩૩.૦૮ લાખની છેતરપિંડી

સીંગદાણા ખરીદી પેમેન્ટ ન ચૂકવતા ફરિયાદ

અમરેલી, તા. ૨૮

અમરેલીના વેપારી સાથે રૂ. ૩૩.૦૮ લાખની છેતરપિંડી થઈ હતી. બનાવ સંદર્ભે મયુરભાઈ રમેશભાઈ કાવઠીયા (ઉ.વ.૩૬)એ સુરતમાં રહેતા બુટાણી એન્ટરપ્રાઈઝ પેઢીના માલિક સંજયભાઈ લાલજીભાઈ બુટાણી સામે ફરિયાદ નોંધાવી હતી.જે મુજબ, તેમની ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીઝ પેઢી ખાતે આરોપી આવ્યો હતો. પોતે સીંગદાણાનો વેપાર કરે છે તેમ કહી વિશ્વાસમાં લઈ, ૧૦ દિવસમાં બિલ ચૂકવી આપવાની શરતે સીંગદાણા રૂ. ૧૧૫ પ્રતિ કિલોના ભાવે ૫,૦૦૦ કિલોના ટેક્સ સહિત કુલ રૂ. ૬,૦૩,૭૫૦ તથા આરોપીના કહેવાથી પ્રમુખ એન્ટરપ્રાઈઝના માલિક પ્રકાશભાઈ બટુકભાઈ ઝાલાને સીંગદાણા રૂ. ૧૧૬ પ્રતિ કિલોના ભાવે ૧૦,૦૦૦ કિલોના ટેક્સ સહિત કુલ રૂ. ૧૨,૧૮,૦૦૦ તેમજ સીંગદાણા રૂ. ૧૧૮ પ્રતિ કિલોના ભાવે ૧૨,૦૦૦ કિલોના ટેક્સ સહિત કુલ રૂ. ૧૪,૮૬,૮૦૦ મળી કુલ રૂ. ૩૩,૦૮,૫૫૦નો માલ મંગાવ્યો હતો (અથવા વેપારીએ મોકલી આપ્યો હતો). વેપારીએ પૈસા બાબતે આરોપીનો સંપર્ક કરતા તેણે ખોટા વાયદા આપ્યા હતા. આરોપીએ પ્રમુખ એન્ટરપ્રાઈઝના અલગ-અલગ રકમના, સહી ડિફર (અલગ) થતી હોય તેવા બે ચેક કુરિયરથી મોકલી કુલ રૂ. ૩૩,૦૮,૫૫૦ ઓળવી જઈ આજદિન સુધી પરત ન આપી છેતરપિંડી કરી હતી.

જાફરાબાદ તાલુકાના મોટા માણસા ગામે રૂ. ૨૫,૫૦૦ની થઈ ઘરફોડ ચોરી

રોકડા રૂપિયા અને ચાંદીના છડા તસ્કરો ઉઠાવી ગયા

જાફરાબાદ,તા.૨૮

જાફરાબાદના મોટા માણસા ગામે રૂ. ૨૫,૫૦૦ની ઘરફોડ થઈ હતી. બનાવ અંગે હરિભાઈ જીણાભાઈ જોગદિયા (ઉ.વ.૩૩)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ અને તેમનાં પત્ની બે દિવસ પહેલાં સવારના આઠેક વાગ્યાથી સાંજના સાડા છએક વાગ્યા સુધી પોતાના ઘરે તાળું મારી મજૂરીકામે ગયા હતા. તે અરસામાં કોઈ અજાણ્યા ચોર ઈસમે તેમના ઘરની દીવાલ ઠેકી ઘરમાં પ્રવેશ કર્યો હતો. તેમજ રૂમનાં તાળાં તોડી પતરાવાળા રૂમમાં કબાટના ખાનામાં રહેલા પાકીટમાંથી રોકડા રૂ. ૨૩,૫૦૦ અને ચાંદીના છડા મળી કુલ રૂ. ૨૫,૫૦૦ની મતાની ચોરી કરી લઈ ગયો હતો. નાગેશ્રી પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે. ડી. હડિયા વધુ તપાસ કરી રહ્યા છે.

સાવરકુંડલામાંથી સાત શકુની રોકડા રૂ. ૧૨,૨૫૦ સાથે ઝડપાયા

સાવરકુંડલા,તા.૨૮

સાવરકુંડલામાંથી સાત શકુની રોકડા રૂ. ૧૨,૨૫૦ સાથે ઝડપાયા હતા. જેસર રોડ પર રાધે ગાર્ડનની સામે વાડીના શેઢા પાસેથી ભીમાભાઈ ભરતભાઈ કોલાદરા, ભાવેશભાઈ મગનભાઈ કુડેચા, વિશાલભાઈ વિઠ્ઠલભાઈ જાંજુવાડિયા, અજયભાઈ ભનુભાઈ પાટડિયા, વિજયભાઈ પ્રભુભાઈ શિયાળ, નીતિનભાઈ જયેશભાઈ બાંભણિયા અને વિપુલભાઈ ભગવાનભાઈ ઈટોલિયા જાહેરમાં ગંજીપત્તાના પાનાં વડે તીન પત્તીનો હાર-જીતનો જુગાર રમતા રોકડા રૂ. ૧૨,૨૫૦ સાથે ઝડપાયા હતા. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. એચ. પી. ગોહિલ વધુ તપાસ કરી રહ્યા છે.

ધારીના શેલ ખંભાળિયા ગામના ખેડૂતને માથામાં કુહાડીનો ઘા માર્યો

ધારગણી ગામની નદીના પુલ પર ઘટના બની

ધારી,તા.૨૮

ધારીના શેલ ખંભાળિયા ગામના ખેડૂતને માથામાં કુહાડીનો ઘા મારીને જાનથી મારવાની ધમકી અપાઈ હતી. આ અંગે રાજુભાઈ વિરકુભાઈ વાળા (ઉં.વ. ૩૫) એ સુરેશભાઈ અનકભાઈ ધાખડા (રહે. વાવડી) તથા તેમના જ ગામના આણંદુભાઈ આપાભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેઓ દારૂની બાતમી આપતા હોવાની આરોપીઓને શંકા હતી. જે અંગેનું મનદુઃખ રાખી સુરેશભાઈ ધાખડાએ ભૂંડી ગાળો આપી હતી, જ્યારે આણંદુભાઈ વાળાએ કુહાડી વડે માથાના ભાગે બે ઘા મારી ઈજા પહોંચાડી હતી. બંને આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ દીપભાઈ અમરૂભાઈ વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

અમરેલીના સણોસરા ગામેથી બાઈકની ચોરી

બાઈક માલિકે ફરિયાદ કરતા અમરેલી રૂરલ પોલીસે તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૨૮

અમરેલીના સણોસરા ગામેથી બાઈકની ચોરી થઈ હતી. બનાવ અંગે ઘનશ્યામભાઈ બાબુભાઈ ગજેરા (ઉં.વ.૫૫) એ જાહેર કર્યા મુજબ, તેમણે પોતાના ઘરની આગળ બજારમાં ટ્રેક્ટર-ટ્રોલીની આગળ મોટરસાઈકલ મૂકી હતી. બે અજાણ્યા ઈસમો ભેગા મળી બાઈકની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બાઈકની કિંમત રૂ. ૭૦,૦૦૦ જાહેર થઈ હતી.

અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. વી.વી.ડાભી વધુ તપાસ કરી રહ્યા છે.

લીલીયાના ભોરીંગડા ગામે આગેવાની નહીં લેવાનું કહી યુવકને માર માર્યો

હવે અરજી કરીશ તો મારી નાખીશ તેવી ધમકી પણ આપી

લીલિયા,તા.૨૮

લીલિયાના ભોરીંગડા ગામે આગેવાની નહીં લેવાનું કહી યુવકને ફટકાર્યો હતો. ઉપરાંત, 'હવે અરજી કરીશ તો મારી નાખીશ' તેવી ધમકી પણ આપી હતી. આ બનાવ સંદર્ભે સંજયભાઈ નાથાભાઈ વરમોરા (ઉ.વ.૩૨)એ રજનીભાઈ માવજીભાઈ દેગડા તથા કિરણભાઈ માવજીભાઈ દેગડા સામે ફરિયાદ નોંધાવી છે.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ફરિયાદી તથા તેમના પડોશમાં રહેતા લોકોનો ચાલવાનો રસ્તો આરોપીઓએ બંધ કરી દીધો હતો. જે બાબતે તેમણે ભોરીંગડા ગ્રામ પંચાયત ઓફિસમાં અરજી કરી હતી. આ બાબતનો ખાર રાખી આરોપીઓએ અગાઉ પણ ગાળો આપી, માર મારવાની ધમકી આપી હતી.ફરિયાદી તથા સાહેદ તેમના રહેણાક મકાને જતા હતા તે સમયે રજનીભાઈ દેગડાએ સાદ પાડી પોતાની પાસે બોલાવ્યા હતા. ત્યારબાદ ગ્રામ પંચાયત ઓફિસમાં રસ્તા બાબતે કરેલી અરજી અંગે વાત કરી, અરજી નહીં કરવા તથા આગેવાની નહીં લેવાનું જણાવ્યું હતું. ઉશ્કેરાયેલા રજનીભાઈએ કાઠલો પકડી લાફા માર્યા હતા, જ્યારે કિરણભાઈ દેગડાએ ઢીકાપાટુનો મૂઢ માર મારી રસ્તા બાબતે હવે કોઈ અરજી કરીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લીલિયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ મધુભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

ચિતલ ગામેથી ૩૨ લિટર દેશી દારૂ પકડાયો

અમરેલી,તા.૨૮

અમરેલી જિલ્લામાં ચાર સ્થળેથી દેશી દારૂ પકડાયો હતો. ચિતલ ગામેથી ૩૨ લિટર, ધામેલ ગામેથી ૫ લિટર અને ડુંગર ગામે બે સ્થળેથી ૪ લિટર મળી કુલ ૪૧ લિટર દેશી દારૂ ઝડપાયો હતો. આ ઉપરાંત, જિલ્લામાં વિવિધ સ્થળેથી ૧૨ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા. પોલીસે તમામ સામે પ્રોહિબિશન હેઠળ કાર્યવાહી કરી હતી.

અમરેલીમાં યુવકે ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા પીધા

અમરેલી,તા.૨૮

અમરેલીમાં એક યુવકે ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા પી લીધા હતા. સંદીપસિંહ નટવરસિંહ ચુડાસમા (ઉં.વ. ૪૦) પોતાના ઘરે હાજર હતા. છેલ્લા બે-ત્રણ દિવસથી તેઓ માનસિક તણાવમાં હોવાથી ઘરે એકલા હતા. આ દરમિયાન તેમણે ઘઉંમાં નાખવાના ટીકડા પાણીના ગ્લાસમાં ઓગાળીને પી લીધા હતા.

સૌરાષ્ટ્ર યાર્ડના ભાવ

રાજકોટ

કપાસ બી.ટી.	૧૭૮૦	૧૯૨૫
ઘઉં લોકવન	૫૬૦	૬૬૦
ઘઉં ટુકડા	૫૭૧	૭૫૧
જુવાર સફેદ	૧૦૭૦	૧૩૨૦
જુવાર લાલ	૧૪૦૦	૧૪૦૦
જુવાર પીળી	૪૨૧	૫૪૫
બાજરી	૪૫૦	૬૧૧
મકાઇ	૬૪૮	૬૪૮
તુવેર	૧૪૦૦	૨૧૦૦
ચણા પીળા	૧૪૬૦	૧૫૩૦
ચણા સફેદ	૧૬૬૫	૨૨૮૦
અડદ	૧૫૦૦	૧૯૩૬
મગ	૧૪૦૦	૧૭૭૦
વાલ દેશી	૪૦૦	૧૬૪૧
ચોળી	૬૨૦	૨૦૫૦
મઠ	૧૮૪૦	૨૬૦૭
વટાણા	૪૬૦	૮૩૫
કળથી	૭૧૨	૧૫૬૬
રાજમા	૨૦૦૦	૨૪૩૦
સીંગદાણા	૧૮૮૦	૨૧૮૪
મગફળી જાડી	૧૨૨૧	૧૭૭૫
મગફળી જીણી	૧૨૪૧	૧૬૫૫
તલી	૨૮૪૦	૩૩૦૦
એરંડા	૧૪૧૦	૧૫૪૪
અજમો	૨૫૧૫	૩૮૫૦
સોયાબીન	૧૩૫૦	૧૫૪૪
સીંગફાડા	૧૬૪૮	૨૦૨૫
કાળા તલ	૨૬૫૦	૪૦૫૧
લસણ	૧૨૦૦	૨૩૫૦
ધાણા	૨૬૫૦	૩૦૦૦
મરચા સુકા	૩૧૫૦	૫૮૦૦
ધાણી	૨૭૦૦	૩૦૬૦
વરીયાળી	૨૬૦૦	૩૧૦૦
જીરૂ	૪૭૦૦	૫૦૮૧
રાય	૧૭૫૦	૧૯૨૫
મેથી	૯૦૦	૧૯૯૫
અશેરીયો	૧૫૨૫	૧૫૨૫
કલોંજી	૪૫૭૫	૫૦૧૮
રાયડો	૧૭૦૦	૧૮૪૯
રજકાનું બી	૫૧૦૦	૭૬૦૦
ગુવારનું બી	૧૫૧૦	૧૬૭૦

રાજકોટ (શાકભાજી)

લીંબુ	૬૧૪	૧૨૨૭
પપૈયા	૧૫૦	૩૦૦
બટેટા	૮૨	૨૭૯
ડુંગળી સુકી	૧૦૦	૪૯૧
ટમેટા	૧૮૬	૪૧૬
સુરણ	૪૨૫	૬૦૯
કોથમરી	૬૧૨	૮૧૦
મૂળા	૨૨૭	૪૩૭
રીંગણા	૧૭૨	૪૫૨
કોબીજ	૨૫	૬૫
ફ્લાવર	૧૬૪	૩૧૩
ભીંડો	૫૮૭	૮૩૬
ગુવાર	૭૪૩	૧૨૨૧
ચોળાસીંગ	૬૦૬	૮૨૭
વાલોળ	૪૨૨	૭૩૬
ટીંડો	૨૯૨	૬૧૮
દુધી	૩૧૦	૫૦૫
કારેલા	૩૫૪	૫૨૪
તુવેર	૧૦૦૦	૧૮૧૧
રાય	૧૬૬૧	૧૮૦૧
મેથી	૧૧૦૧	૧૮૬૧
મરચા	૨૬૦૧	૬૨૦૧
સફેદ ચણા	૧૨૦૦	૨૨૮૧
તલ - તલી	૨૫૦૦	૩૨૯૧
ધાણી	૨૫૭૬	૩૧૨૧
ડુંગળી સફેદ	૨૪૧	૩૯૧
બાજરો	૫૦૧	૫૨૧
જુવાર	૧૩૫૧	૧૬૫૧
મકાઇ	૫૧૧	૬૧૧
મગ	૯૨૬	૧૮૧૧
ચણા	૧૧૧૧	૧૫૨૬
વાલ	૧૩૫૧	૧૬૫૧
ચોળા / ચોળી	૧૦૨૬	૧૬૨૬
સોયાબીન	૧૧૦૦	૧૫૯૧
ગોગળી	૭૦૦	૧૪૪૧
વટાણા	૪૯૧	૬૫૧

ગોંડલ

કપાસ	૧૭૫૬	૧૯૧૬
ઘઉં લોકવન	૫૫૦	૬૩૦
ઘઉં ટુકડા	૫૫૨	૭૧૪
સિંગ ફાડીયા	૮૫૧	૨૦૭૧
એરંડા/એરંડી	૧૫૦૧	૧૫૫૧
તલ કાળા	૨૭૫૧	૪૦૨૬
જીરૂ	૨૪૦૧	૫૨૦૧
કલંજી	૨૩૦૧	૪૯૫૧
ધાણા	૨૫૫૧	૩૦૬૧
અડદ	૧૫૦૧	૧૯૫૧
સરગવો	૫૫૨	૧૧૧૬
તુરીયા	૬૪૩	૧૦૧૫
પરવર	૫૩૬	૮૪૭
કાકડી	૫૨૧	૯૩૨
ગાજર	૩૯૬	૬૧૩
વટાણા	૮૦૫	૧૦૧૦
તુવેરસીંગ	૫૧૪	૮૨૧
ગલકા	૪૩૩	૬૯૩
બીટ	૧૭૪	૩૮૭
મેથી	૩૦૬	૫૨૪
વાલ	૭૫૫	૧૩૬૭
ડુંગળી લીલી	૩૧૫	૫૦૫
આદુ	૯૯૨	૧૨૩૬
ચણા લીલા	૩૨૭	૮૫૮
મરચા લીલા	૨૧૩	૪૯૬
હળદર લીલી	૫૨૬	૭૪૨
લસણ લીલું	૩૦૩૭	૫૧૭૨
મકાઇ લીલી	૨૧૦	૩૨૫

ગોંડલ (શાકભાજી)

ટમેટા	૧૬૦	૫૨૦
મરચા	૨૦૦	૧૨૦૦
ગુવાર	૨૦૦	૧૨૦૦
કોબી	૨૦	૧૨૦
દુધી	૨૦૦	૬૦૦
ફ્લાવર	૩૦	૩૦૦
કાકડી	૨૦૦	૧૨૪૦
રીંગણા	૧૦૦	૫૦૦
ભીંડો	૨૦૦	૧૦૦૦
ગલકા	૨૦૦	૭૦૦
ગાજર	૧૮૦	૧૦૦૦
ટિંડોરા	૧૮૦	૬૦૦
તુવેર	૧૮૦	૧૦૦૦
વાલ	૨૦૦	૧૩૦૦
વટાણા	૬૦૦	૧૨૦૦
કેરી કાચી	૨૦૦૦	૩૦૦૦
બટેટા	૧૨૦	૨૪૦
અંબાળા	૨૦૦	૪૦૦
લીલી હળદર	૪૦૦	૮૦૦
ડુંગળી પુરા	૮	૧૫
કોથમીર પુરા	૧	૩
મૂળા પુરા	૩	૬
ફોદીનો પુરા	૩	૫
કાચા કેળા	૨૦૦	૩૦૦
ચૂણ	૬૦૦	૮૦૦
પરવર	૫૦૦	૭૦૦

ઘીસોડા	૨૦૦	૧૩૦૦
લીંબુ	૨૦૦	૧૦૦૦
મેથી પુરા	૧	૬
બીટ પુરા	૫	૧૫
સરગવો પુરા	૫	૧૫
ચોરા	૨૦૦	૮૦૦
કારેલા	૨૦૦	૮૦૦
વાલોર	૧૮૦	૬૦૦
આદુ	૧૮૦	૧૪૦૦
મકાઈ ડોડા	૨૦૦	૩૦૦
લસણ પુરા	૧૫	૨૫
પાલક પુરા	૧	૩

અમરેલી

શિંગ મઠડી	૧૩૦૫	૧૫૨૫
શિંગ ગીરનાર	૧૧૫૦	૧૫૬૦
શિંગ મોટી	૧૧૭૦	૧૬૦૦
શિંગદાણા	૧૬૦૦	૨૦૧૦
તલ સફેદ	૨૩૬૦	૩૭૧૫
તલ કાળા	૨૫૦૦	૩૬૦૫
તલ કાશમીરી	૨૭૦૦	૨૯૮૦
બાજરો	૪૬૫	૬૦૫
ઘઉં ટુકડા	૫૦૦	૭૬૦
ઘઉં લોકવન	૫૬૫	૬૭૦
મગ	૧૫૫૦	૧૮૦૦
અડદ	૧૫૦૦	૧૭૮૦
ચણા	૯૦૫	૧૫૧૫
સફેદ ચણા	૧૩૨૫	૧૪૬૦
વટાણા	૭૨૫	૭૨૫
કપાસ	૧૩૭૫	૧૬૫૫
એરંડા	૧૪૬૦	૧૫૫૦
જીરૂ	૨૦૦૦	૪૮૪૫
ધાણી	૨૦૦૦	૨૮૩૦
મેથી	૧૧૫૦	૧૪૫૦
સોયાબીન	૧૩૬૫	૧૫૦૦
મરચા લાંબા	૨૭૦૦	૫૩૦૦

અમરેલી (શાકભાજી)

બટેટા	૧૫૦	૨૬૦
રીંગણા	૩૦૦	૬૦૦
ફુલાવર	૨૫૦	૩૦૦
કોબીજ	૮૦	૧૫૦
શક્કરિયા	૮૫૦	૯૩૦
ટમેટા	૩૦૦	૪૦૦
સુરણ	૬૪૦	૧૦૪૦
ગાજર	૬૦૦	૭૦૦
દૂધી	૪૦૦	૫૫૦

કારેલા	૬૦૦	૭૦૦
ગલકા	૬૦૦	૭૨૦
મૂળા	૨૫૦	૩૫૦
કાકડી	૫૦૦	૮૦૦
ગુવાર	૪૦૦	૮૦૦
વાલોળ	૩૦૦	૫૦૦
વટાણા	૬૦૦	૮૦૦
ચોળા લીલાં	૫૨૦	૬૩૦
તુરીયા	૧૦૩૦	૧૨૫૦
લીલી તુવેર	૭૦૦	૮૫૦
વાલ	૧૦૦૦	૧૧૦૦
ભીંડો	૭૦૦	૮૦૦
હળદર લીલી	૮૦૦	૯૦૦
આદુ	૧૧૧૦	૧૨૧૦
કોથમીર	૪૦૦	૬૦૦
મેથીભાજી	૪૧૦	૫૨૦
ફુદીનો	૭૫૦	૮૬૦
ટીંડોરા	૫૦૦	૬૦૦
બીટ	૫૫૦	૬૫૦
સરગવો	૬૫૦	૮૫૦
લીમડો મીઠો	૧૮૦	૨૦૦
મરચા લીલા	૪૦૦	૬૦૦
મરચા લાલ	૫૫૦	૧૨૩૦
ડુંગળી લીલી	૪૦૦	૪૬૦
ડુંગળી સૂકી	૪૦૦	૭૦૦
લસણ લીલું	૨૫૦૦	૩૪૦૦
લસણ સૂકું	૧૪૦૦	૨૮૦૦
મકાઇ	૩૫૦	૪૩૦
લીંબુ	૯૦૦	૧૦૦૦
પાલક	૫૫૦	૬૩૦

બાબરા

કપાસ	૧૯૧૦	૨૦૦૧
કપાસ મીડીયમ	૧૭૫૦	૧૮૬૦
મગફળી	૧૪૨૧	૧૫૪૧
તલ સફેદ	૩૧૧૦	૩૨૭૦
તલ કાળા	૩૬૪૦	૪૦૦૦
ચણા	૧૪૫૦	૧૪૮૦
ઘઉં	૬૪૦	૬૭૦
સોયાબીન	૧૪૮૦	૧૫૦૩

કોડીનાર

મગફળી જી-૨૦	૧૪૦૦	૧૬૩૯
મગફળી ૩૨ ન.	૧૩૬૦	૧૫૩૭
મગફળી ગીર. ૪	૧૩૮૫	૧૫૮૫
બાજરી હાઇબ્રીડ	૪૫૫	૫૬૮
ઘઉં	૫૫૦	૬૮૧

જુવાર	૧૦૦૦	૧૬૧૮
અડદ	૧૩૦૦	૧૯૮૦
ચણા	૧૩૦૦	૧૫૦૦
સફેદ તલ	૨૫૫૦	૩૦૧૦
કાળા તલ	૨૬૫૦	૩૯૦૦
સોયાબીન	૧૪૨૫	૧૫૪૦
કપાસ	૧૭૭૫	૧૮૭૬

બગસરા

કપાસ મગફળી	૧૮૩૦	૧૯૩૫
ઘઉં લોકવન	૫૦૦	૫૯૨
ઘઉં ટુકડા	૫૬૪	૬૦૧
મગફળી	૧૧૦૦	૧૩૩૫
ચણા	૧૩૫૦	૧૪૭૧
સોયાબીન	૧૨૦૦	૧૪૫૬
બાજરો	૪૧૦	૪૧૦
રાય	૧૩૨૫	૧૩૨૫
ચણા સફેદ	૧૦૦૦	૧૩૯૦
ધાણા	૨૬૦૫	૨૯૦૦
લસણ	૮૦૦	૧૦૯૫
અડદ	૧૩૧૫	૧૬૯૦
તલ કાળા	૧૫૦૦	૧૫૦૦
તલ સફેદ	૩૦૪૫	૩૧૨૦
શીંગદાણા	૧૬૨૦	૧૭૨૦

ભેંસાણ

કપાસ	૧૦૦૧	૧૯૨૧
ઘઉં	૫૦૧	૬૫૦
ચણા	૧૦૦૧	૧૪૮૧
અડદ	૯૦૧	૧૭૬૬
તુવેર	૧૭૬૬	૧૭૬૬
મગફળી	૭૦૧	૧૫૭૬
શિંગફાડા	૧૬૭૬	૧૬૭૬
તલ સફેદ	૩૨૦૦	૩૨૦૦
ધાણા	૧૫૦૧	૨૮૦૧
લસણ	૫૦૧	૧૬૩૧
સોયાબીન	૭૦૧	૧૪૮૬

સાવરકુંડલા

શિંગ-જીણી	૧૩૫૦	૧૫૮૦
શિંગ મોટી	૧૪૦૦	૧૬૭૧
તલ સફેદ	૨૮૦૦	૩૨૩૩
તલ કાળા	૩૦૦૦	૩૬૦૦
જીરૂ	----	૫૦૫૦
કપાસ	૧૮૫૦	૧૯૩૫
ઘઉં લોકવન	૫૬૦	૬૧૨
ઘઉં ટુકડા	૫૮૪	૬૪૦
બાજરો	૪૫૦	૬૭૦

જુવાર	૧૨૦૦	૧૬૧૧
અડદ	૧૩૨૧	૧૭૮૦
ચણા	૧૩૦૦	૧૫૦૧
દેશી ચણા	૧૩૨૧	૧૪૭૦
તુવેર	૧૩૫૦	૧૭૦૦
મેથી	૧૧૦૦	૧૪૩૦
ધાણા	૩૦૦૦	૩૨૦૨
સોયાબીન	૧૩૫૦	૧૪૫૧

જામનગર

જુવાર	૧૩૮૦	૧૪૦૦
બાજરી	૫૦૧	૫૩૭
ઘઉં	૫૬૮	૬૩૧
અડદ	૧૭૧૫	૧૮૫૦
ચણા	૧૪૦૦	૧૫૧૦
ચણા સફેદ	૧૩૦૫	૨૧૩૫
મગફળી જીણી	૧૪૦૦	૧૬૬૫
મગફળી જાડી	૧૩૦૦	૧૬૧૦
મગફળી ૬૬ ન.	૧૫૦૦	૨૨૫૦
મગફળી ૯ ન.	૧૩૦૦	૩૦૧૫
તલી	૨૭૨૦	૩૧૦૦
તલ કાળા	૨૮૦૦	૩૨૪૫
રાય	૧૬૦૦	૧૮૬૦
લસણ	૮૦૦	૨૭૧૫
કપાસ	૧૭૫૦	૧૯૪૫
જીરૂ	૪૫૦૦	૫૨૦૦
અજમો	૩૧૦૦	૫૨૭૫
અજમાની ભુસી	૫૦	૨૪૮૦
ધાણા-ધાણી	૧૭૬૦	૨૯૦૦
મરચા	૩૦૦૦	૫૮૫૦
ડુંગળી સુકી	૫૦	૫૫૦
સોયાબીન	૧૩૦૦	૧૪૬૦
વટાણા	૬૦૦	૭૬૦

મહુવા

શીંગ ગીરનાર	૧૧૦૦	૧૫૭૮
શિંગ ૬૬	૧૩૦૦	૧૭૬૦
શિંગ ૩૯	૧૦૦૦	૧૫૬૮
શિંગ જી-૨૦	૧૨૦૦	૧૬૬૩
એરંડા	૧૪૦૦	૧૪૦૦
જુવાર	૫૨૧	૧૪૬૬
બાજરી	૪૮૧	૬૩૨
બાજરો	૮૦૦	૧૪૦૧
ઘઉં ટુકડા	૫૩૭	૬૮૪
મકાઈ	૬૦૭	૬૦૭
અડદ	૧૦૦૦	૧૮૨૧
મગ દેશી	૫૦૦	૩૫૪૦

સોયાબીન	૧૪૫૮	૧૫૩૦
ચણા	૧૩૮૨	૧૪૬૦
તલ સફેદ	૩૦૦૦	૩૩૭૫
તલ કાળા	૩૬૫૦	૪૦૪૦
તુવેર	૧૮૦૦	૧૮૦૦
લસણ	૧૫૦૦	૨૪૦૧
ડુંગળી લાલ	૧૭૦	૫૩૩
ડુંગળી સફેદ	૨૫૦	૫૭૦
ડુંગળી સફેદ જુની	૨૬૧	૭૫૬
કપાસ શંકર	૧૮૦૦	૧૮૩૬
નાળીયેર	૬૫૦	૩૧૦૦

લીલીયા મોટા

કપાસ	૧૭૫૦	૧૯૦૩

ખાંભા

કપાસ	૧૮૦૦	૧૮૮૧
મગફળી	૧૩૦૦	૧૪૪૦
જુવાર સફેદ	૧૬૫૧	૧૬૫૧
તલ કાળા	૩૭૦૦	૩૭૧૧
અડદ	૧૭૨૫	૧૭૨૫
તુવેર	૧૫૦૦	૧૫૦૦

રાજુલા

શીંગ	૧૩૪૫	૧૫૨૫
તલ સફેદ	૨૭૫૧	૩૨૦૦
તલ કાળા	૨

સિંધ દેશની માગણી, અમેરિકા પર એટેક પે એટેક અને ભારતમાં બ્રિટિશ કુંવર-કુંવરીની આવભગત

શેની વાત કરીએ? એ વાત કરીએ જે ભારતનાં મીડિયામાં હેડલાઈન બનતી નથી. જેમ કે પાકિસ્તાનમાં સિંધ દેશની હવે માગણી ઊઠી છે. જેમ કે પાકિસ્તાને બથાવી પાડેલા કાશ્મીરમાં પાકિસ્તાની સેના દ્વારા થઈ રહેલો અત્યાચાર. જેમ કે બલોચિસ્તાન અને વાયવ્ય પાકિસ્તાનમાં બલોચ સ્વતંત્રતા સેનાનીઓ (જેને પાકિસ્તાનનું અને પશ્ચિમી મીડિયા તો વિદ્રોહી લખે, પણ આપણું મીડિયા પણ લખે છે અથવા આતંકવાદી લખે છે !) દ્વારા થઈ રહેલાં આક્રમણો અને તેમાં પતી રહેલી પાકિસ્તાનની સેના અને પોલીસ કર્મચારીઓ.

કે પછી બાંગ્લાદેશમાં ફરીથી શરૂ થયેલી હિંસાની વાત કરવી જોઈએ? શેખ હસીનાના બરાબર ૧૬ ડિસેમ્બરે બાંગ્લાદેશમાં પુનરાગમનની ઘોષણા સાથે જ બાંગ્લાદેશમાં હિંસા શરૂ થઈ છે અને આ વખતે પૂર્વ વડા મોહમ્મદ યુનૂસના પૈતૃક ઘરને પણ નિશાન બનાવાયું છે. કહેવું તો ન જોઈએ પરંતુ કર્મનું ફળ આટલું શીઘ્ર ભગવાન આપી દે તે બહુ ઓછી વાર બનતું હોય છે. વર્તમાન તારીક રહેમાન સરકારના પ્રધાનોના ઘરને પણ હિંસામાં નિશાન બનાવાઈ રહ્યાં છે. બીજી તરફ, નેપાળના વડા પ્રધાન બાલેન શાહે તેમની પહેલી વિદેશ યાત્રા માટે ભારત પસંદ કર્યું. અને વડા પ્રધાન મોદીએ નેપાળ વગર આપણા ધામ અધૂરા, આપણા રામ અધૂરા તેમ કહ્યું અને અયોધ્યાથી જનકપુરની ટ્રેન શરૂ થઈ. વડા પ્રધાને સાંસ્કૃતિક રીતે, ઐતિહાસિક રીતે અને ભારતના વારસાની રીતે જે કામ કર્યું છે, જે કરી રહ્યા છે તેની નોંધ છેલ્લાં બેએક વર્ષથી, તેમના પોતાના સમર્થકો રુઠ્યા હોવાથી, ભલે ઓછી લેવાતી હોય, પરંતુ તેઓ ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન તો પ્રાપ્ત કરશે જ.

તાજેતરમાં ફિલિપાઈન્સમાં આસિયાન શિખર પરિષદમાં ભાગ લેવા ગયા તો ત્યાં ૧૨૫ વર્ષ જૂના ગુરુદ્વારાની મુલાકાતે ગયા. એટલું જ નહીં, તેના ઝીર્ણોધ્ધાર માટે ખાતમુહૂર્ત પણ કર્યું. પંજાબમાં ભાજપની સરકાર આવશે તો માત્ર ચૂંટણી સમયનાં ભાષણો અને સમીકરણોને ધ્યાનમાં રાખનારા અથવા કૉંગ્રેસી 'પીદી' વિશ્લેષકો એમ કહેશે કે આ મત ચોરી છે. પરંતુ આ ગુરુદ્વારાના ઝીર્ણોધ્ધાર જેવી બાબતો ધ્યાનમાં નહીં રાખે.

હજુ આપણે નક્કી નથી કરી શક્યા કે શેની વાત કરવી? અમેરિકાની વાત તો કરવા જેવી છે જ. આખા વિશ્વમાં ઉથલપાથલ મચાવનાર આ બદમાશ રાષ્ટ્રની બદમાશ સંસ્થા સીઆઈએના ઘરે હૅકર ત્રાટક્યા અને તેની મહત્ત્વની જાણકારી લીક કરી નાખી, બોલો ! છેલ્લા કેટલાક સમયથી આ જગત જમાદારના ઘરે જે ઘટનાઓ બની છે, તેનાથી વિશેષ તો ભારત દેશમાં ઉથલપાથલ મચાવી મોદી સરકારને હટાવવાના પ્રયાસો કરી રહેલા અમેરિકાને પોતાના જ દેશની સુરક્ષાનો પ્રશ્ન ઊભો થયો છે. તારીખ વાર જોઈએ તો,

નવેમ્બરની મધ્યમાં એફબીઆઈના રાષ્ટ્રીય અપરાધ માહિતી કેન્દ્ર (એનસીઆઈસી)માં બીજી વાર સાઇબર એટેક થયો હતો.

૧૨ નવેમ્બરે માઇક્રોસૉફ્ટનું નેટવર્ક ઠપ થતાં માઇક્રોસૉફ્ટનાં સૉફ્ટવેર વાપરતું સમગ્ર વિશ્વ ધંધે લાગી ગયું હતું.

૧૩ નવેમ્બરે અમેરિકાની અનેક ઉડાનો ઑનલાઇન ક્ષતિના કારણે નિરસ્ત કરવી પડી હતી.

૧૬ નવેમ્બરે કૉન્ફરન્સ કૉલ, વિડિયો રેકૉર્ડિંગ માટે વપરાતી ઍપ ઝૂમ, ઇક્વિફૅક્સ, એચએસબીસી, લેફ્ટ લિબરલ મીડિયા જે આખા વિશ્વમાં લેફ્ટ લિબરલ મીડિયાનો સ્રોત છે- સીએનએનમાં આકાંતાઓએ શંકાસ્પદ જાવા સ્ક્રિપ્ટ નાખી દીધી હતી.

૧૬ નવેમ્બરે જેપી મૉર્ગન ચેઝ અને યુનાઇટેડ ઍરલાઇન્સમાં સૉફ્ટવેર અને વેબ-ઍપ ક્ષતિઓના કારણે બૅંક વ્યવહાર ઠપ થઈ ગયા હતા અને ઉડાનો નિરસ્ત કરવી પડી હતી.



૨૪ નવેમ્બરે સીઆઈએ, રાષ્ટ્રીય ગુપ્તચર કાર્યાલય (ઓડીએનઆઈ), અને નેશનલ જીયોસ્પેશિયલ ઇન્ટેલિજન્સ એજન્સી પર હૅકરો ત્રાટક્યા હતા અને મહત્ત્વની જાણકારી લીક કરી દીધી હતી.

૨૫ નવેમ્બર ૨૦૨૬એ અમેરિકાના નાણા વિભાગના આર્થિક અપરાધ વિભાગમાં અનધિકૃત રીતે ઘૂસણખોરી થઈ હતી.

માત્ર અમેરિકાની વાત નથી, ફ્રાન્સમાં ૧૧ ઑક્ટોબરે એક સંકલિત સાઇબર એટેક થયો હતો, તેમાં ૭૦૦ રિટેલ અને સુપર માર્કેટમાં ફ્રૂલિંગ એકમોને ઊંચા તાપમાને મૂકી (૫૦થી ૮૦ ડિગ્રી સે. !) દેવાતાં, કરોડો યુરોની ખાદ્ય સામગ્રી નષ્ટ પામી હતી અને ૧૫ સ્થાનોએ ભૌતિક સાધનોમાં આગ લાગી હતી. ફ્રાન્સના કહેવા પ્રમાણે, આ આક્રમણ ઈરાનની સેનાનું હતું. બે નવેમ્બરે હૅકરોએ ફ્રેન્ચ બ્લડ એસ્ટાબ્લિશમેન્ટની ત્રણ સુવિધાઓમાં કૉલ્ડ રૂમનું સંભાળતી થર્ડ પાર્ટીની રેફ્રિજરેશન સેવામાં ઘૂસણખોરી કરી હતી. તેમાં પણ તાપમાન ઊંચું કરી નાખ્યું હતું. તેનાથી પ્લાઝમા અને બાયૉબેન્ક નમૂનાઓને નુકસાન થવાની ભીતિ હતી, પરંતુ ઑટોમેટેડ એલાર્મ વાગતા ટૅક્નિશિયનોએ રિમોટ ઍક્સેસ કટ કરી નાખ્યો હતો અને લોહીને સંબંધિત ઉત્પાદનોને ઑફલાઇન સ્ટોરેજમાં ખસેડી લીધાં હતાં.

યૂકેમાં પણ બે-ત્રણ નવેમ્બરે હૅકરોએ સફળ રીતે યૂકેની ફૂડ સપ્લાય ચેઇનને નિશાન બનાવ્યાં હતાં. યૂકેના માંસ પ્રક્રિયા આપૂર્તિકર્તાઓનાં રેફ્રિજરેશન એકમોને ૧૦૦ ડિગ્રી સે તાપમાન પર મૂકી દીધા હતા. જોકે સારી વાત એ હતી કે જે એકમોને નિશાન બનાવ્યા હતા તેઓ તે સમયે ખાલી હતાં. ૧૬ નવેમ્બરે સીએનએન, ઝૂમ, એચએસબીસી પર જે આક્રમણ થયું હતું તેમાં યૂકેના લેફ્ટ-લિબરલ મીડિયા નેટવર્ક બીબીસીનો પણ સમાવેશ થાય છે જે યૂકેના શત્રુ દેશની ફૉલ્ટલાઇનના જ સમાચાર આપઆપ કરે છે. તેમાં ભારતનો પણ વિશેષ સમાવેશ થાય છે.

એક તરફ એઆઈમાં લોકો ફટાફટ પોતાના ફોટા અને અવાજ અપલૉડ કરી રહ્યા છે અને એઆઈનો પણ લેફ્ટ-લિબરલ ઝોક છે. દા. ત. મેં યૂકેમાં સાઇબર એટેક વિશે જેમિની-ગૂગલને પૂછ્યું તો તેણે સિફતપૂર્વક બીબીસીનો ઉલ્લેખ ટાળ્યો અને એવું કહ્યું કે બ્રિટનમાં પણ માંસ પ્રક્રિયાના રેફ્રિજરેશન એકમોને નિશાન બનાવાયાં હતાં. પરંતુ તે ખાલી હતાં. ૨૬ નવેમ્બર માટે મેં ચેટજેપીટીને વીર પોલીસ એએસઆઈ તુકારામ ઓંબળે અને ત્રાસવાદી અજમલ કસાબનો રક્ષાસૂત્ર સાથેના ફોટા સાથે કૉલાજ બનાવવાનું કહ્યું તો તેણે પહેલાં તો ભક્ત તુકારામનો ફોટો બનાવ્યો, પછી મેં તેને કહ્યું કે આ નહીં, તો તેણે તુકારામ ઓંબળે કસાબને રક્ષાસૂત્ર બાંધતા હોય તેવો ફોટો બનાવી દીધો ! આનો અર્થ એ થાય કે તુકારામે જ કસાબને ત્રાસવાદી આક્રમણ માટે તૈયાર કર્યો હતો. અને મુસલમાનને હિન્દુ બનાવી આક્રમણ કરવા કહ્યું હતું ! એટલે એઆઈ પર સહેજ પણ વિશ્વાસ કરવા જેવો નથી. પરંતુ આપણે ત્યાં આંધળી દોટ લાગી છે. બીજી તરફ, ઑનલાઇનની પણ દોટ લાગી છે. સરકારથી માંડીને કૉર્પોરેટ કંપનીઓ અને બીજા ક્ષેત્રના લોકો પણ પર્યાવરણ બચાવવાના નામે બધું ઑનલાઇન કરી રહ્યા છે, જે કેટલું જોખમી છે તે ઉપરનાં ઉદાહરણો પરથી સમજી શકાય છે. ઇન્ટરનેટનો જન્મદાતા દેશ અમેરિકા જ જો આનાથી સુરક્ષિત ન હોય તો ભારતના ઢીલા તંત્રમાં તો કોઈ આશા રાખી શકાય જ નહીં. એટલે જ્યાં ટ્રાફિક પૉલીસ કંટ્રોલ રૂમમાંથી દૃષ્ટિ રાખીને અમુક સાઇડનું સિગ્નલ ઓછો સમય ખુલ્લું રાખે અને જ્યાંથી વધુ વાહનોનો ધસારો હોય તે સાઇડથી વધુ તો ટ્રાફિક સારી રીતે મેનેજ થઈ જ શકે પરંતુ હવે તેમાંય એઆઈને લાવવાની વાત છે.

ઇન્ટરનેટના કેબલ દરિયામાંથી આવે છે. યુધ્ધ દરમિયાન આ કેબલ કાપી નાખવામાં આવે તો ઇન્ટરનેટ જ ઠપ થઈ જાય. હવે વાત આવે સ્ટારલિંક જેવા સેટેલાઇટ ઇન્ટરનેટની. તો તેમાં સ્ટારલિંક અમેરિકાની કંપની – એલન મસ્કની છે અને તે અમેરિકાનું હિત વધુ જુએ. આપણી કંપનીઓ જેવું નહીં, જે હલાલ સર્ટિફિકેટ લે અને ત્રાસવાદીઓ-ગંભીર અપરાધોના દોષિત એવા મુસ્લિમોની આડકતરી સહાય કરે. ઑક્ટોબર-નવેમ્બર ૨૦૨૬માં યુક્રેઇન-રશિયાના ચાલી રહેલા યુધ્ધ માં સ્ટારલિંકે યુક્રેઇનનાં ટર્મિનલો પર ઇન્ટરનેટ બંધ કરી દીધું હતું જેના કારણે યુક્રેઇનનાં લડાયક મિશન અને ડ્રૉન આક્રમણો થઈ શક્યાં નહોતાં. તેનાથી અનેક નાગરિકોનાં મૃત્યુ થયાં.

હવે વિચાર કરો, કે આ સ્ટારલિંકના ભારત પ્રવેશમાં મોદી સરકાર વિલંબ કરી રહી છે તો એલન મસ્કે જાણે પડદા પાછળ ખરા વડા પ્રધાન મૂકેશ અંબાણી હોય તેમ તેમને 'ડિયર પ્રાઇમ મિનિસ્ટર અંબાણી' સંબોધિત કરીને લખ્યું તો આપણા વિપક્ષના નેતા રાહુલ ગાંધી કૂદી પડ્યા અને એલન મસ્કની પૉસ્ટ રિપૉસ્ટ કરીને લખ્યું, 'વેલકમ ટૂ ઇન્ડિયા, એલન.' વિચાર કરો કે ભારતને નુકસાન કરી શકે તેવા સ્ટારલિંકને આવકારનારા આપણા વિપક્ષના નેતા છે. ગમે તેવો સરકાર સામે વિરોધ હોય, પરંતુ તેના માટે થઈ, આવા દેશહિત વિરુધ્ધ વર્તનારાને તો જાહેરમાં આવકારાય જ નહીં.

અને આ જ કૉંગ્રેસે જ્યારે માર્ચ ૨૦૨૫માં સ્ટારલિંકને સૈધ્ધાંતિક અનુમતિ મોદી સરકારે આપી ત્યારે તેનો વિરોધ કર્યો હતો !

આ વિદેશી દાસતાની માનસિકતા છે, જે આપણને આપણા સાથે કોઈ કાળે રહેવા નથી દેતી અને વિદશીઓને આપણે બે હાથે આવકારીએ છીએ. આ વાત સ્ટારલિંક સિવાય ફરી એક વાર સાબિત થઈ હોય તો બ્રિટનના કુંવર વિલિયમ્સ અને કુંવરી કેથરિનની ભારતની ત્રણ દિવસીય મુલાકાતથી. આ મુલાકાત દરમિયાન સચીન તેંડુલકર, કરણ જોહર, બ્રિટિશરો આવ્યા તે પહેલાં ભારત જ નહોતું તેમ કહેનાર સૈફ અલી ખાન, પોતાના ગળામાં કુરાનની આયાત લખેલું પેન્ડન્ટ પહેરનાર કરીના કપૂર ખાન, દિવાળી પર ફટાકડા ન ફોડો- તેનાથી પ્રાણીઓ ડરી જાય છે તેમ કહેનાર આલિયા ભટ્ટ, ગળાના બદલે હાથમાં મંગળસૂત્ર પહેરનાર સોનમ કપૂર, ઑલ આઇઝ ઑન રાફા જેવો ટ્રેન્ડ ચલાવનાર તૃપ્તિ ડમરી, ડિઝાઇનર મનીષ મલ્હોત્રા ઇત્યાદિ લોકો કુર્નિશ બજાવવા ઉપસ્થિત હતાં.

આ કુંવર વિલિયમ્સ અને કુંવરી કેથરિને તેમણે શરૂ કરેલા પર્યાવરણ માટેના 'અર્થશૉટ પુરસ્કાર' વિતરિત કર્યા. આ પુરસ્કાર ૧૩ લાખ ડૉલરના છે.

આપણા ભારતીયો અમેરિકા-યુરોપ (યુરોપમાં વિશેષ તો બ્રિટન)ના લોકો આવે એટલે હરખઘેલા થઈ જાય. ભૂલી જાય કે બ્રિટિશરો, ફ્રેન્ચ અને પૉર્ટુગીઝ લોકોએ આપણી સાથે શું કર્યું હતું. અહીં કેટલા લોકોને દુષ્કાળમાં ભૂખે માર્યા. અહીંથી કોહીનૂર સહિત કેટલું ધન ઉસેડી ગયા? અને સ્વતંત્રતા પછી પણ ભારત ઊંચું ન આવે એ માટે ભારત-પાકિસ્તાનને લડાવવા માટે કાવતરાં કરે રાખ્યાં. પાકિસ્તાનના ત્રાસવાદીઓ, ભારત પાસે રહેલા કાશ્મીરમાં જે લોકો ત્રાસવાદ ફેલાવે છે, ખાલિસ્તાનીઓને, સંગીતકાર નદીમ, લલિત મોદી, વિજય માલ્યાને પોતાને ત્યાં સંરક્ષણ આપ્યું.

અત્યારે પણ યૂકે એશિયામાં અને ભારતમાં લાખો ટન કચરો ગેરકાયદે રીતે ઠાલવે છે, કેટલાને તે ખબર છે? કારણકે અંગ્રેજી અને હવે તો તેના વાદે ચડેલું મીડિયા દિવાળી પહેલાં, દિવાળી પર અને દિવાળી પછી, દિવાળી શબ્દને ટાંકીને 'દિવાળી પહેલાં પ્રદૂષણનો આંક પથયો', 'દિવાળી પર વાયુ ઝેરીલો થઈ ગયો' આવા સમાચાર આપે છે તે જ્યારે કુંવર વિલિયમ્સ અને કેથરિન આવે ત્યારે તેની પ્રશંસામાં જગ્યાની જગ્યા વેડફી નાખે છે, તસવીરો છાપે છે. પરંતુ આ કચરા વિશે લખતું નથી.

બીજી તરફ, ભારતમાં વડા પ્રધાન મોદી જેટલી સ્વચ્છતાની વાત કરે છે તેને તેમના જ પક્ષની સરકારો ખાસ મહત્ત્વ આપતી હોય તેવું લાગતું નથી. એટલે જ જુઓ ને, કુંવર વિલયમ્સ અને કેથરીન આવ્યાં ત્યારે મુંબઈમાં રસ્તા ચોખ્ખા કરી નખાયા ત્યારે મુંબઈ ઉચ્ચ ન્યાયાલયે બૃહદ મુંબઈ મહાનગરપાલિકા (જે ભાજપ હસ્તગત છે અને દિવાળી પર પ્રદૂષણના સૂફિયાણા મેસેજ હિન્દુ અને ભાજપ વિરોધી દિયા મિર્ઝા પાસે રેકૉર્ડ કરાવે છે)ને બરાબર ખખડાવી કે પ્રતિ દિન આવી સફાઈ કેમ નથી થતી? વાત બરાબર છે, પણ મુંબઈ ઉચ્ચ ન્યાયાલયે પણ પ્રિન્સની હાજરીમાં ભારતને નીચા જોણું કરાવવાનો અવસર આપ્યો. આ વાત પછી પણ કરી શકાતી હતી. આવી બાબતોની યાચિકા તરત જ સ્વીકાર થઈ જાય છે.અને ન્યાયપાલિકાની હિન્દુ વિરોધ અને મુસ્લિમ અપરાધી તરફેણની તો શું વાત કરવી? આ વખતે તમિળ નાડુમાં તિરુપરનકુંદ્રમના એક શિખર પર દેવ દિવાળીએ દીપ પ્રાગટ્યની માત્ર આ વર્ષ પૂરતી છૂટ સર્વોચ્ચ ન્યાયાલયે આપી અને તમિળ નાડુના વધુ એક નવા સેક્યુલર પક્ષ ટીવીકેના જોસેફ વિજય – કૉંગ્રેસ સરકારે તેનું ધરાહાર ઉલ્લંઘન કર્યું ! તે સ્થળે દરગાહ છે તેથી ના પાડી, પણ દરગાહ તો ઇસ્લામમાં જ પ્રતિબંધિત છે. બીજી તરફ, બિલ્કિસ બાનો કેસમાં બે અપરાધીઓને જામીન મળ્યા તો ઉહાપોહ થઈ ગયો અને બિલ્કિસબાનોએ નિરાશા પ્રગટ કરી કહ્યું, 'લડાઈ ચાલુ રાખીશ' પરંતુ આ કાંડ જેના પગલે થયો હતો તે ગોધરા કાંડના દોષી ઇરફાન સિરાઝ પાડાની આજીવન કારાવાસની સજા નિલંબિત કરી દીધી તો કોઈ ઉહાપોહ નથી. ભાજપ સરકાર તરફથી પણ નથી ! ■ jaywant.pandya@gmail.com

વિચાર વલોણું



જયવંત પંડ્યા

મોટાભાગના લોકો શિયાળો આવતાં જ કસરત ચાલુ કરી દે છે, એમ કેમ ?

(૧) ખાખાખોળા એટલે શું?
હાફીઝ રિયાઝ સેલોત (રાજુલા)
સાચું કહેજો, આ સવાલ પૂછતા પહેલા તમે બહુ ખાખાખોળા કર્યા હતાને?!

(૨) તમે ચૂંટણીમાં ઉભા રહો તો કયું નિશાન પસંદ કરો?
રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)
જ્યાં સુધી ઊભા રહેવાનો નિયમ છે ત્યાં સુધી હું ચૂંટણીમાં ભાગ નથી લેવાનો. બેસી જવાનો નિયમ આવશે ત્યારે કંઈક વિચારીશ!

(૩) તમારા જવાબ વાંચી હું હસી પડું છું!
રામભાઈ પટેલ (સુરત)
આ તમે નવું લાવ્યા. હસે છે બધા પણ પડતું કોઈ નથી!

(૪) ચોરી શબ્દનો વિરોધી શબ્દ?
ઉન્નતિ મહેતા (રાજકોટ)
કચોરી.

(૫) ચોર અને દાણચોર વચ્ચે શું તફાવત છે?
યોગેશભાઈ આર. જોશી (હાલોલ જિ.પંચમહાલ)
રાત અને દિવસનો.

(૬) આપણાં અને તાપણાં નજીક સારા કે દૂર?
-ડૉ. હર્ષદ લશ્કરી (અમદાવાદ)
લાજીએ અને દાઝીએ નહી એટલા અંતરે સારા.

(૭) કાગનું બેસવું ને ડાળનું ભાંગવું એટલે શું?
હરપાલસિંહ જે. ઝાલા (ભોયકા સુરેન્દ્રનગર)
શ્રાધ્ધનું બેસવું ને કાગડાનું ભાગવું.

(૮) આવનારી વિધાનસભાની ચૂંટણીમાં ઝંપલાવવું છે; તૈયારી માટે કંઈક સલાહ આપો.
કનુભાઈ પરમાર (દામનગર)
પહેલા તો ગુંદરની બોટલ લાવી નમસ્તેની મુદ્રામાં હાથ ચિપકાવી રાખો.

(૯) ચાંદો સૂરજ રમતા તા રમતા રમતા કોડી જડી એ ભણવામાં આવતું તો એ કેવી રીતે રમતા હશે?
રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)
તમને રમતા રમતા કોડી જડી હોય તો ચીભડા લઈ લેજો.

(૧૦) દિવાળી પછી મૂડ નથી રહેતો તો શું કરવું?
ધોરાજીયા ઘનશ્યામ એન (સાજણટીબા)
દિવાળી પર બધી મૂડી વાપરી ન નાખો તો દિવાળી પછી પણ મૂડ રહેશે.

(૧૧) મોટાભાગના લોકો શિયાળો આવતાં જ કસરત ચાલુ કરી દે છે. એમ કેમ?, ધોરાજીયા કેવિન જી. (સાજણટીબા હાલ કેનેડા)
અડદિયા આગમનની પૂર્વતૈયારી.

(૧૨) સાહેબ..! તમને લીલી પરિક્રમામાં કેટલા સાદ કર્યા પણ ઉભા કેમ ના રહ્યા?, ધોરાજીયા ચંદ્રકાંત એન. (સાજણટીબા)
ઢોલ વાગતો હોય ત્યારે પીપુડી કોણ સાંભળે ભાઈ?!

(૧૩) રાઈનો પહાડ કેટલો ઊંચો હોય છે અને ક્યાં આવેલ છે??
જીગર યાદવ (દાત્રાણા-પાટણ)
રાઈનો પર્વત રસોડામાં આવેલો છે અને એ મસાલાના ડબ્બા જેટલો ઊંચો હોય છે.

(૧૪) માયાને કેમ મુકાય?
જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)
લોખંડ અથવા પતરાંની પેટીમાં મૂકી ઘેર તિજોરીમાં કે બેંકના લોકરમાં મૂકી શકાય. જૂના સમયમાં જમીનની અંદર પણ મૂકતા.

(૧૫) ઈન્દ્રધનુષનું સંશોધન કોણે કર્યુ હશે?
વનિતાબેન હરેશભાઈ કાવઠિયા (નવા ઉજળા)
કોઈ બેન હોવા જોઈએ. તો જ એમાં આટલા બધા રંગો હોયને! ■

નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..

હાસ્યાય નમઃ



ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

સત્તાના સિંહાસનનો ચોથો પાયો. – મન, કર્મ, વચન.

જાહેરજીવનમાં સક્રિય વ્યક્તિ પાસેથી અમુક મર્યાદાઓ, પ્રોટોકોલ, શિસ્તબધ્ધ વાણી વર્તનની, ગંભીરતાની અપેક્ષાઓ હોય છે. જે વ્યક્તિ જેટલી ઉંચાઈએ હોય છે, આ અપેક્ષાઓ તેટલી વધુ પ્રબળ બની રહે છે. એમાં પણ જો કોઈ બંધારણીય કે સંસદીય હોદા પર હોય તો આ બાબત ફરજીયાત જેવી બની રહે છે. આવા કોઈ ક્યાયે લેખિત આદેશો નથી, પણ એ અભિપ્રેત છે. આ સ્વાભાવિક છે કારણકે તમારી પાછળ એક વર્ગ ચાલતો આવતો હોય છે. એ કોઈ પક્ષ હોઈ શકે છે, કોઈ સંસ્થા હોઈ શકે છે, સરકાર હોઈ શકે છે. તમને અનુસરતા લોકોની સંખ્યા બહોળી હોય છે. તમારી પાછળ ચાલતો તમને ઘણા પરિમાણોથી અનુસરતો વર્ગ મોટો હોય છે. તમારી કારકિર્દી ઉપરાંત દ્રષ્ટાંત પ્રસ્થાપિત કરવાની એ લોકો માટેની તમારી ફરજ બની રહે છે, જેઓ તમારા તરફ જોઈ રહ્યા હોય છે. જાહેરમાં જો તમે ઉચ્ચ સ્થાને હો અને બીજાના કોઈના ખભે હાથ પણ મુકો છો તો જેના ખભે હાથ મુક્યો છે એ વ્યક્તિ કોણ છે તેની ખોજબીન શરુ થઈ જાય છે તો તમારી અંગત બાબતો કઈ રીતે અજાણી રહી શકે છે ? તમારા નિર્ણયો, એ નિર્ણયોની ઉપજનારી અસરો તો ખુબ દૂરની વાત છે, તમારું વ્યક્તિત્વ, શબ્દો, વર્તન જ તમારું મૂલ્યાંકન કરાવતું રહે છે. કોઈ એકલ દોકલ અભિપ્રાય પર આધાર ન રાખતા જે આભા કે છાપ આમ જનમાનસમાં ઉપસે છે એ અસલ મુક્યાંકન છે. કારણકે વ્યક્તિગત અભિપ્રાયમાં ગુણદોષ કે ગમો અણગમો હોઈ શકે છે, પરંતુ જનતાની સરેરાશ વિવેકબુદ્ધિ આધારે થયેલ મૂલ્યાંકન વાસ્તવિકતાની ખુબ નજીક હોય છે.

તમારું વ્યક્તિત્વ શું ફરક પાડી શકે છે તેનું એક દ્રષ્ટાંત ભારતીય રાજનીતિમાં વારે વારે અપાઈ રહ્યું સાંભળ્યું છે. કૉંગ્રેસમાં એક સમયે કામરાજ જેવા નેતાના જૂથે આગેવાન તરીકે મોરારજીના બદલે ઇન્દિરાને પસંદ કર્યા હતા. કારણ સાફ હતું કે ઇન્દિરા ભારતીય રાજનીતિમાં નવાસવા હતા, ઓછું બોલતા હતા. સૌમ્ય ગણાતા હતા. સામે પક્ષે જે હરીફ હતા એ મોરારજી દેસાઈ થોડા કડક હતા. પક્ષમાં પોતાના જૂથની પકડ બની રહેશે એ આશયથી કામરાજ જૂથે ઇન્દિરા ગાંધીની પસંદગી કરી હતી. પણ ઇન્દિરા ગાંધીના લોખંડી મનોબળ સામે કામરાજ નિષ્ફળ ગયા. ઇન્દિરાએ પોતાની આભા કૉંગ્રેસ પર પાથરીને નેહરુ યુગની યાદ અપાવી દીધી. ગુંગી ગુડિયા જેનું ઉપનામ અંદરખાને ચર્ચાઈ રહ્યું હતું એ સ્ત્રીએ દિલ્હી પર પોતાની લોખંડી પકડ જમાવી દીધી. પક્ષને સત્તાના સર્વોચ્ચે બેસાડ્યો. એ પ્રતિભા અમર્યાદ બની અને કટોકટી જેવો નિર્ણય લેવાઈ ગયો. જે તાકાત સત્તા માટેનો રસ્તો હતી એ તાકાતે જ એક ખોટો નિર્ણય લેવડાવી દીધો. સ્થાનની, સત્તાની, વ્યક્તિત્વની ગરિમામાં ગોબો પડી ગયો.

એક શબ્દ કે વિધાન, એક કૃત્ય કે નિર્ણય કારકિર્દીના અર્શ કે ફર્શનો નિર્ણય કરી શકે છે. ઉચ્ચ સ્થાનેથી બોલાયેલ શબ્દ, થયેલ વર્તન, અપાયેલ પ્રતિભાવ દૂર સુધી ફેંકાય, ફેલાય છે. આ બધું તમારાથી છૂટી ગયા કે થઈ ગયા બાદ તેને પલટાવી શકાતું નથી. કારણકે તેમાં તમારા ઈરાદાઓ વ્યક્ત થાય છે. આજના સોશ્યલ મીડિયાના યુગમાં તમારા બેડરૂમની બહાર તમારી કોઈ હરકત કે શબ્દ ખાનગી નથી. દરેકના હાથમાં ચાર બાય છ ઈંચનું એક સાધન છે જે કલ્પનાતીત ગતિથી તમને પ્રખ્યાત કે કુખ્યાત બનાવી દેવાની તાકાત ધરાવે છે. પહેલાના સમયમાં નેતા ગમેતેવા નિવેદનો કરીને પછેડી ઓઢીને સુઈ જતા હતા. તેને ખબર હતી કે આ નિવેદન પક્ષ કાર્યાલયની બહાર જવાનું નથી. હવે એવું નથી. તમારા શબ્દોને કચકડે કંડારવા, રેકોર્ડ કરવા જીવંત પ્રસારિત કરવા અનેક માધ્યમ ઉભા છે. જે તમારા વર્તન કે શબ્દને મસાલા છાંટીને પ્રવાહિત કરવા તલપાપડ છે. ટીઆરપી નામના શબ્દે જાહેરજીવનને જોખમી કરી મેલ્યું છે.

અવાજમાં પોલાદી નક્કરતાનો રણકાર, ચાલચલનમાં ગર્વિષ્ઠ ઉંચાઈ, વ્યક્તિત્વમાં સુઘડતાની આભા જેવા ગુણો આજના સમયના જાહેરજીવનની સફળતાની પ્રમુખ જરૂરિયાતો છે. જે આગેવાનમાં આ ઉંચાઈઓ નથી તેને સત્તાની ઉંચાઈઓ સર કરવામાં મુશ્કેલીઓ પડે છે. મુદ્દા વિના, અભ્યાસ વિના, તર્ક વિના બફાટ કરતા રહેતા લીડર પક્ષ, સરકાર કે સંગઠન પર બોજ બનતા રહે છે. જેની વારેવારે જીભ લપસતી રહે છે એની કારકિર્દી પણ લપસતી રહે છે. રાજકીય જીવનમાં સારી વકતૃત્વ શક્તિ અને સારું પારદર્શી વ્યક્તિત્વ

મહત્વની જરૂરિયાત અને ગુણ છે. બોલીને બોર વેચવાનો અને કરી બતાવવાનો આ વ્યવસાય છે જ્યાં અસ્ખલિત વાક્પ્રવાહની મોહિની પ્રજા પર કામદેવ સમ ભૂરકી છાંટી રાખે છે. સભામંડપમાં બોલવા માટે ઉભા થતા વક્તાને કિકિયારીથી વધાવતા પ્રેક્ષકો, માત્ર હાથ ઉંચો કરીને શ્રોતાઓને ઉભા કરી દેતો નેતાના સભામંડપો મેદનીથી છલકાતા રહે છે. શબ્દોના તાંતણે બાંધી ટેકેદારોને ખેંચી રાખતા નેતાઓની રાજકીય કારકિર્દી લાંબી રહે છે.

વર્તમાન સમયમાં મહદઅંશે નેતાઓથી સરસ્વતી રિસાઈ ગયેલ છે. મુદ્દાઓનો અભ્યાસ નથી અને જે કાઈપણ અભ્યાસ છે, એ બોલવા માટે શબ્દો નથી. બોલવા ઉભા થાય ત્યારે સામે બેઠેલા શ્રોતાઓ મનોરંજનના ભાવથી જુએ છે. જે રાષ્ટ્રીય પ્રશ્નોની ચર્ચા કરતા સમયે જોક મારતો રહે છે એ નેતા રાજકીય વિદુષક છે.

ક્વિક નોટ - પ્રાંતિક ધારાસભાઓના મતો આવ્યા બાદ ગાંધીજીએ બોલાવેલી બેઠકમાં જવાહરલાલે કૉંગ્રેસ પ્રમુખપદ માટે પોતાને જરૂરી મતો નહિ મળવાથી મૌન ધારણ કરી લીધું અને સરદાર તથા બાપુએ મૌનનો મતલબ સમજી ગયા. એ મૌનના ફળસ્વરૂપે જવાહરલાલને આઝાદ ભારતના પ્રથમ પ્રધાનમંત્રી થવાનું સદભાગ્ય સાંપડ્યું. આદર્શ સમયે ધારણ કરી લીધેલું મૌન તમને ભારતના વડાપ્રધાન બનાવી મુકવાની તાકાત રાખે છે.

■ production@infiniumpharmachem.com

રાજકીય રસધાર



પ્રવીણ માધાણી

ચરમસુખનો અહેસાસ



નિશાળેથી થાકી પાકી સાંજે સાડા પાંચે ઘરે પહોંચી તો સાસુજી અડોશપડોશની મહિલાઓ સાથે વળગ્યા હોય તેમનો વાતોનો જે વિષય ચાલતો હતો કે પછી રામજાણે ! પરંતુ જેવી હું ઘરના દરવાજામાં પ્રવેશી કે મોટેથી બોલી ઉઠયા: અરે ભૈ ! અત્યારે તો બેય જણાં નોકરી કરે તો જ ચાલે એવું છે મારી બઇ ! મોંઘવારી કેવી છે એતો જુઓ ! નામ લેવાય એવું છે કાંઇ ? આપણે તો જુઓ વહુને છુટ્ટી જ આપી દીધી છે કે ભઇ, છોકરા બોકરા અમે છઇએ ત્યાં સુધીમાં કરવા હોય તો કરી લો. અમે મોટા કરી દઇશું બાકી નોકરી છોડાવવાની વાત તો નહીં જ ! એકતો પગ મોકળો રહે તમારો, અને બીજું એ કે પાકીટેય થોડું ભારે રહે. તમારે જયાં છૂટક મૂટક વાપરવા હોય, કાંઇ મોટી ખરીદી કરવી હોય તો કોઈની આશિયાળ તો નહીં : અમારા જમાનામાં તો આઠઆનાં જોતા હોય તો ય ઘણી પાસે હાથ લાંબો કરવાનો મારી બઈ ! શું... કહો છો રમા બા ! સાચ્ચુને ?'' કરતાક મોટેથી હસી પડયા. પણ મને એમનું હાસ્ય અટ્ટહાસ્ય શું લાગતું.

આમ પણ સાસુજી આડોશપાડોશની મહિલા મંડળના મોવડી ! મારી દ્રષ્ટિએ ગેંગલીડર જ કહું. એટલો એમનો પાવર ! એટલે ઉંમરમાં મોટાં હોય તો ય રમાબા વસંતબા, દિનાકાકી, ચંદ્રીકામાસી, ગંગાબા, નિમુફઇ... આ બધા અને મારાથી મોટી વચગાળાની વહુવારૂઓ...

સાસુજીની વાતુમાં હા એ હા ભણ્યે રાખે મને થતું કે કહી દઉ કે નોકરી કરતી નથી પણ કરવી પડે છે અને તેલ પીવડાઈને એરંડિયું કઢવો છો. કાંઇ શોખના નથી નોકરી કરાવતા મને ! મતલબથી પ્યાર છે સૌને... પણ હું વહુ હતી ! મોટા ખોરડાની વહુ ! જેણે મર્યાદા કે લાજ ઓળંગવાની નથી હોતી બસ, ઘાણીના બળદ જેમ ફર્યે જ રાખવાનું !

અને આમ પણ એકેય દિવસ પોરો ખરો ! પરણીને આવી ત્યારે મનમાં ગર્વ હતો કે એમ. એ. પાસ હતી ત્યારે હું પસંદ થઇ હતી. મારી તેજસ્વીતા અને શૈક્ષણિક કારકિર્દી જ મારી પસંદગી માટેના પ્રેરક બળ રહ્યા અને હું એટલે જ સ્તો પસંદગીને પોં ઠરી, કુંવારી હતી ત્યારે કાકા અને પપ્પા બેંકની નોકરી બહુ વખાણતા એમાં ખબર પડી કે છોકરો જોવા આવવાનો છે એ રાષ્ટ્રીયકૃત બેન્કમાં નોકરી કરે છે.

પપ્પા એ તો ત્યારેને ત્યારે ભૂરખિયા હનુમાનજીની માનતા માની લીધેલી કે મારી દક્ષા જો સામેવાળાને પસંદ પડી જાય તો દાદા ! હું અહીથી ચાલતો ચાલતો તમારા દર્શને આવીશ. જોકે, અશોક મને ગમી ગયેલા. એટલા બધા સ્માર્ટ કે મારી કલ્પનામાં હોય એવા ચબરાક ચપળ, હાજરજવાબી કે તૈયાર નહોતા પણ એવરેજ પુરૂષ લાગ્યા. સ્વભાવ થોડો ધીર ગંભીર પણ મૂળ તો બેંકની નોકરી હતી.

પરણ્યા પછી સાસરે આવી ત્યારે ઘેરો એક કુટુંબ !! બે નણંદો અને એક દિયર, સાસુ - સસરા અને અમે બન્ને. સવારે પાંચ વાગ્યે જાગી જાતી. તે છેક રાત્રે અગિયાર વાગ્યે સૂવાના ઓરડે જવા મળતું. નાની નણંદોતો ઉઠે આઠ વાગ્યે ત્યાં સુધીમાં તો ચા - પાણી નાસ્તો તૈયાર થઈ ગયો હોય. અશોકને સાડા દસે થાળી જોઈએ એટલે સાડા આઠે દાળ ભાત શાકનું કૂકર મૂકી જ દેવુ પડે ! અશોકને જમાડું ત્યારપછી સસરાજીની થાળી ! સાડા બારે એવી તો ભૂખ લાગી હોય પણ નણંદો !! નથી ખાવુ... ભૂખ નથી... હમણાં નહીં, થોડીવાર પછી...''ના નખરામાંથી ઉંચીયું આવે તો બેસુને ? જો, વહેલી બેસી જાઉ તો ચટકાનો પાર નહીં જાળવી જાળવી ને રહેવાનું.

હળવી ફરીયાદ કરૂં તો બોલે : '' એ બધુ તું તારી રીતે ટેકલ કરી લે... મને એમાં સંડોવ નહીં જેમ મમ્મી કહે એમ કરવાનું સમજી ? ''

મારે કોને કહેવું ? આ તો કયારેક અશોક સાથે સોડા પીવા જાઉ તોય ઘરમાં વાંધા પડે એમાં કોઇ હિલ સ્ટેશનમાં ફરવા જવાની તો વાત જ કયાં રહી ? ''

ઘડીક લાંબી થાઉં બપોરે. ત્યાં તો અઢીની ચા નો ટાઇમ થઇ જ ગયો હોય ! ઉઠવું પડે.

એકવાર મને બરાબરની નિંદર ચડી ને સસસરાજીએ પોતે ચા મૂકી દીધી. થયું એવું કે ઉકળતા ચાના પાણીમાં દૂધની તપેલી સાણસીથી છટકી અને આખુ પ્લેટફોર્મ રેલમછેલ ! દેકારો થઇ ગયો અને પછી શું બાકી રહે ? ગુન્હેગારના કઠેડામાં મારે જ ઉભા રહેવાનું આવ્યું. તે દિવસે રાત્રે અશોકે મને ગુસ્સાથી કહી દીધુ : '' ફરીવાર આવું ન બનવું જોઇએ સમજી ? ઘરમાં વહુ હોય તોય મારા બાપાને ચા બનાવવી પડે ? ''

ખૂબ દુઃખ લાગ્યુ. મારે શું સ્પષ્ટતા કરવાની ? ગમે એટલા ખુલાસા કર્યા પણ સત્યનો અવાજ આ જાડી ચામડીના નિંભર લોકો સુધી પહોંચ્યો જ નહીં.

એમાં પ્રેગ્નેન્ટ થઇ સિમંત ના પ્રસંગ પછી પહેલી પ્રસૂતિ માટે પિયર ચાલી ગઇ છો બધા માંહોમા ટીપાતા ! તો જ ખબર પડશે, કે વહુ હતી તો કેટલું સારૂં હતું ?

પણ મારા બદનસીબે કોઇ એવા કમ્પ્લીકેશન ઉભા થયા કે બાળકીને ડોકટર ન બચાવી શકયા. મારૂં પિંડ જતું રહ્યું. મારો ખાલી ખોળો... હું ડીપ્રેશનમાં સરી ગઇ... સાસુએ સંદેશો મોકલ્યો કે છોકરૂં તો નથી છોકરા વગર શું જીયાણું ? સાસરે આવી જાવ.

પણ મારી મા એ કહી દીધું ત્રણ મહિના મોકલવાની નથી. ત્રણ મહિના પૂરા થાય એટલે વગર મૂર્હતે તેડી જજો.

દરિમયાન અશોક મળવા આવ્યા. મારી પરિસ્થિતિ અન મારા ગયા પછીનો તાગ મેળવી થોડો કૂણાં પડયા 'આપણું કૂલ ?' મારી આંખમાં આંસુ ઘસી આવ્યા એમણે મને કહ્યું : ''રડ નહીં, કદાચ આપણા નસીબમાં નહીં હોય...'' મેં કહ્યું, હું અહીં એના વગર નહીં જીવી શકુ.''

''તો ત્યાં આવી જા.''

(ક્રમશઃ) ■

લઘુનવલકથા



યોગેશ પંડયા

તો પછી દામલ તો અતિ વિચારશીલ વ્યક્તિ હતો



રાખનાં રમકડાં

ધારાવાહી નવલકથા

અમૃત પરમાર

આ કરામાં આકરી સજા તો તે પોતે હાલમાં ભોગવી જ રહ્યો હતો. લગ્ન પછી પોતાની પત્ની, પોતાની અર્ધાંગિનીને તે ક્યારેય સંતોષ તો આપી શક્યો ન હતો. ભલે તે તેની પત્ની શાંતુને હૃદયપૂર્વક પ્રેમ તો કરતો જ હતો, એમાં ના નહીં. પરંતુ ખાલી ખાલી પ્રેમ કરવાથી સામેના પાત્રને જાતીય સંતોષ થોડો મળે... ? એમ બોલવાથી કંઈ સંતોષ થોડો થાય ? એટલે તો આવો સંતોષ પ્રાપ્ત કરવા માટે શાંતુ રોજ રોજ ખૂબ ખૂબ તડપતી, ઝૂરતી અને તરફડતી રહેતી. ત્યારની તેની તડપન તદ્દન વિચિત્ર પ્રકારની દેખાતી રહેતી.

આ હર્યાભર્યા સંસારની તમામે તમામ સ્ત્રીના શરીરને તેના સમય પ્રમાણે, શરીરનું સાચું સુખ તો મળવું જ જોઈએ. તો પછી અમુક સમય સુધી આવું સુખ ન મળે તો એ સ્ત્રી આવું સુખ મેળવવા માટે ગમે તે હદ સુધી જઈ શકે છે. આ તદ્દન સત્ય વાત છે. અને આના ઉદાહરણો લગભગ બધા જ સમાજમાં મોજુદ છે. હજુપણ આવા બનાવો બનતા રહેશે.

તો પછી દામલ તો અતિ વિચારશીલ વ્યક્તિ હતો. આવું તો બધું જ જ્ઞાન તેના મગજમાં ભર્યું પડ્યું હતું. બધી રીતે તેના વિચારો પણ ઉચ્ચ કક્ષાના હતા. પરંતુ પોતાના જ શરીરની નબળી લાચારી એ કોને કહે ? હા, તેની બધી વાત સાંભળવા વાળી વ્યક્તિ તો એકમાત્ર શાંતુ હતી. એટલે... એકવાર શાંતુને દામલે પોતાના શરીરની આવી નબળાઈ કે ક્ષતિની વાત કરવાની ઈચ્છા થઈ. તેણે આ વાતની શરૂઆત પણ શાંતુ સામે કરી. પરંતુ એ સમયે શાંતુએ જ સામે ચાલી કહ્યું :

''નવા નવા લગ્ન થયાં હોય, બધું નવું નવું હોય એટલે આવું આવું થાય, આમાં મૂંઝાવાની જરાય જરૂર નથી... દામલ ! થોડો સમય જતાં બધું સરખું થઈ જશે.

તારે આવી ચિંતા કરવાની નથી, અને બીજું, હું તારાથી ખૂબ ખુશ છું ને મને તારાથી સંતોષ પણ મળે છે. પછી બાળકની તું આવી ચિંતા શા માટે કરે છે... ?''

એટલે પછી દામલે આજ સુધી પોતાની અંગત વાત શાંતુને કરી જ નહીં. શાંતુની આવી વાતથી દામલને મનમાં મનમાં એમ થયું કે, ખરેખર શાંતુને મારાથી સંતોષ થતો હશે... ? કે પછી તે એમ જ મને સારું લગાડવા માટે ખોટું બોલી હશે... ?

આવા થોકબંધ વિચારો દામલ ક્યાંય સુધી કરતો રહ્યો. તે ખૂબ જ થાકી ગયો હોવા છતાં વિચારો તેનો કેડો મૂકતા ન હતા. એટલે તે પથારીમાંથી બેઠો થયો. બાથરૂમ જઈ આવ્યો. થોડું પાણી પીધું. પછી આવતા વિચારોથી છુટકારો મેળવવા માટે તેણે તેની અંગત ડાયરી હાથમાં લીધી.

જેવી ડાયરી તેણે હાથમાં લીધી, હાથમાં પકડી એ સાથે જ તરત જ જ્યોતિ તેની સામે આવીને ઊભી રહી ગઈ. કારણ કે જ્યોતિને દામલની આ ડાયરી પહેલાંથી જ ખૂબ ખૂબ ગમતી, અને ડાયરીના શબ્દ શબ્દ તેણે વાંચ્યા પણ હતા. જ્યોતિ સાથે તો કંઈ કેટલીયે વાર દામલે શરીર સંબંધ બાંધ્યો હતો. ત્યારે તો તેને આવું કંઈ થતું ન હતું. વળી દામલના અનેરા જોસ, જોર અને અસહ્ય આવેશમય તાકાતથી તૃપ્ત થતી જ્યોતિ તો ખૂબ ખૂબ હસવા લાગતી અને પછી કહેતી પણ ખરી : ''બસ... બસ... હવે રહેવા દે દામલ, તારા જેટલી તાકાત, તારા જેવો આવેશ, તારા જેટલું જોસ તો મેં વિજય પાસેથી ક્યારેય અનુભવ્યું જ નથી. મારા એ તો ખાલી ખાલી બહારની રમત જ રમ્યા કરતા, આખી રાત...''

કદાચ આવું જ કથન અત્યારે શાંતુએ જો કોઈ બીજા છોકરાને કહ્યું હશે તો...? - આવા વિચારે દામલને દુઃખી દુઃખી કરી દીધો. તો પણ આખરે એ શું કરે ?

હા, આખરે શાંતુ પણ એક સ્ત્રી જ હતી. દામલથી તે તૃપ્ત થતી હશે કે નહીં...? કોણ જાણે...! - આમ આવા વિચારે વળી દામલ મૂંઝાયો :

થોડા દિવસ પહેલાં જ ખૂબ મોંઘુ અને આકર્ષક એવું કિંમતી લેડીઝ પર્સ મહેશના રૂમમાં દામલે જોયું હતું. સ્વાભાવિક છે કે, આવા સંસ્કારી અને હોંશિયાર છોકરાના રૂમમાં આટલું બધું મોટું અને મોંઘુદાટ પર્સ ક્યાંથી આવે? હા... કોઈ એવા આવારા છોકરા હોય તો આવી ઘટના બને. પરંતુ મહેશ તો ખૂબ જ હોંશિયાર અને સારા સંસ્કારી ઘરનો છોકરો હતો. એ કંઈ આડી લાઈનનો છોકરો નહોતો.

ને બીજું, અત્યારે તે હાલી-ચાલી શકવા માટે અસમર્થ અને અસક્ત હતો. તો પછી તેના ગળે ચાંદલો કેમ ચોંટ્યો હશે ? આજ આ બે બનાવ નજર સામે જોયા પછી જ દામલની ઊંઘ હરામ થઈ ગઈ હતી. એ આને કારણે અતિ ચિંતિત થયો હતો. કારણ કે આ ઘરમાં સ્ત્રી માત્ર એક શાંતુ જ હતી. તો શું શાંતુના કપાળ પરનો ચાંદલો મહેશના ગળા પર... (ક્રમશઃ) ■

પુરાણો કહે છે કે જે ઘરમાં પતિ અને પત્ની પરસ્પરનું સન્માન જાળવતા ન હોય એ ઘરમાંથી લક્ષ્મી દોટ મૂકીને ભાગે છે



કેટલાક લોકો હજી પણ બાળકોને બાળક માનવાની ભૂલ કરે છે. આજના તમામ બાળકો અગાઉની પેઢીનાં બાળકો કરતાં અનેકગણા બુદ્ધિશાળી છે. આ વાત આમ તો સહુ જાણે છે પણ પછી ભુલી જાય છે. દાંપત્યજીવનમાં પતિ અને પત્ની વચ્ચે મનમેળ ન હોય તો બાળકોને એનો પૂરેપૂરો લાભ લેતા આવડતો હોય છે. આજે જે લોકો ભણી ગણીને પુખ્ત થયા પછી પણ નોકરી કરી શકતા નથી, પોતાની કમાણી કરતા નથી તેવા લોકોના બાળ જીવનના વરસો બહુ તંગદિલીમાં પસાર થયા હોય છે. આપણે ત્યાં ઘણાં દંપતી છે કે જેમાં બેમાંથી એકનો સ્વભાવ બહુ જ ટકટક કરવાનો હોય છે.

એને કારણે ઘરનું વાતાવરણ ડહોળાય છે. થોડીવાર થાય ને પત્ની કહે કે તમે ફરી આ જુનો શર્ટ કેમ પહેર્યો ? અથવા તો હું ત્રણ દિવસથી કહું છું તો તમે કોલગેટ લાવવાનું કેમ ભૂલી જાઓ છો? જાવ, અત્યારે ને અત્યારે લઈ આવો. અથવા તો તમને બટેટા ભાવે એટલે શું મારે રોજ બટેટાનું શાક કરવું એમ? આ કંઈ હોટેલ છે હેં ? આ બધી વાતો આમ તો વાસણ ખખડવાની વાત છે પણ આવા ખખડાટ બાળકોના ભવિષ્યને બરબાદ કરી મૂકે છે. બાળકોને પણ બીજાઓનું અપમાન કરવાની ટેવ પડે છે.

જે સ્ત્રીઓને પોતાના પતિદેવની નિંદા કરવાની ટેવ હોય એના ઘરના દરેક પ્રસંગો ક્લેશ યુક્ત બની જાય છે અને એના પડઘા બૃહદ પરિવારમાં પણ પડે છે. શુભ અવસરોએ પણ આ ક્લેશ સપાટી પર આવે છે ને જગતને એની ઝાંખી જોવા મળે છે. તળિયાની વાત નળિયે પહોંચતા વાર લાગતી નથી. આમાં માત્ર એમ નથી કે સ્ત્રીઓને જ આવી ટેવ છે. ગુજરાતી પ્રજામાં પોતાની પત્નીને 'અરે તને કંઈ બુદ્ધિ છે કે નહિ ?' એવું એક પણ વાર ન બોલ્યો હોય તેવો પુરુષ ત્રિલોકમાં દુર્લભ અને સાક્ષાત શિવસ્વરૂપ તથા વંદનીય છે...! પુરુષોને પણ પત્ની સાથે જાહેરમાં રકઝક કરતા સમાજે જોયા છે. જો જાહેરમાં પણ તેઓ સદવર્તન ન કરી શકતા હોય તો તેમના પરિવારના યાતનામય દિવસોનો માત્ર અંદાજ બાંધવાનો રહે. છતાં દુનિયા બધું ભુલી જવાની હોય છે પરતું ઘરના કેન્દ્રમાં રહેલા સંતાનો એ ઘટનાઓને કદી વીસરી શકતા નથી. એ ઘટનાઓ એમની જિંદગીમાં પડછાયાની જેમ સાથે રહે છે અને એમના મનને વિષાદથી ભરી દે છે.

આપણા દેશમાં તો આત્મકથા લખવાનો બહુ રિવાજ નથી. બહુ ઓછા લોકોએ આત્મકથા લખી છે. પરંતુ પશ્ચિમના દેશોમાં તો હજારો લોકોએ આત્મકથા લખી છે. અરે એમાં કેટલાક તો સામાન્ય લોકો પણ છે પરંતુ તેમની જિંદગી બહુ અસામાન્ય હોય છે. તેમાં તેઓ તેમના માતા અને પિતા વચ્ચેના સ્નેહસંબંધ પર તો ખાસ લખે છે. કારણ કે એનો એમની વ્યક્તિગત જિંદગી પર ઊંડો પ્રભાવ પડ્યો હોય છે. જે દંપતી પ્રસન્ન જિંદગી જીવ્યા હોય એમના સંતાનો બહુ સુખી જીવન જીવતા હોય છે. કારણ કે પ્રસન્ન માતા-પિતાના જીવનમાંથી જ સંતાનોને સુખની સો ગુરુચાવીઓ મળી રહે છે.પ્રસન્ન દંપતીના છાંયે ઉછરેલા શિશુઓ જ આગળ જતાં મહાપુરુષો બને છે.

સ્મરંગ

દિલીપ ભટ્ટાચાર્ય

જે ઘરમાં બેજણને એકબીજાની માયા ન હોય એ ઘર કંઈ ઘર ન કહેવાય, એ તો મકાન જ ગણાય. આમ પણ વિષ્ણુ પુરાણ તો કહે જ છે કે જે ઘરમાં પતિ અને પત્ની પરસ્પરનું સન્માન જાળવતા ન હોય એ ઘરમાંથી લક્ષ્મી દોટ મૂકીને ભાગે છે. એવા પરિવારોની માથે નિર્ધનતા તલવારની જેમ લટકતી હોય છે. જે દંપતીને જિંદગીની કિંમત ન હોય એને એકબીજાની તો શું મરજાદ હોય ? એક એક દિવસ સોનાનો છે અને પ્રેમભર્યા સહજીવનમાં તો એકે એક દિવસ સાત સોનાનો હોય છે. આખા દિવસમાં બે સારા વેણ બોલી ન શકાય તો કંઈ નહિ, જીવનસાથી હતોત્સાહ થાય એવું કંઈ બોલાય નહિ. પરંતુ આટલી ભાન આવતા કેટલાકને તો ચાર-પાંચ દાયકાઓ વીતી જાય છે અને કેટલાક તો એવા ને એટલા અભિમાની હોય છે કે સાત ભવે પણ એમના દામ્પત્યમાં વિવેક પ્રવેશતો નથી.

પશ્ચિમના દેશોમાં બાળકને, બાળક માનવામાં આવતું નથી. ત્યાં તો બહુ શરૂઆતથી એને ઘરના એક મહત્ત્વના સભ્ય તરીકે સન્માન આપવામાં આવે છે. ઉપરાંત કોઈ દિવસ બાળકથી કોઈ પણ વસ્તુ છુપાવવાનો તેઓ કદી પ્રયત્ન કરતા નથી. આપણે ત્યાં બાળકોને પરિવારની અંદર સેકન્ડ ક્લાસ સિટીઝન જેવો દરજ્જો આપવામાં આવે છે. વળી આપણા દંપતીઓએ મન એમ હોય છે કે બાળકને કંઈ ખબર પડતી નથી ! હકીકતમાં બાળકોને બધી જ ખબર પડે છે અને તેઓ બધું જ સમજે છે. ફેર એટલો છે કે પતિ-પત્ની વચ્ચેની સમજ અને ગેરસમજમાં જે કંઈ સમસ્યાઓ ઊભી થાય એના વિશે બાળકો કોઈ પ્રત્યાઘાત આપતા નથી એને કારણે દંપતી એમ માને છે કે બાળકો તો ખરેખર બાળકો જ છે. આમ પણ સંસ્કૃત સુભાષિતમાં કહેવાયું છે કે મૌન ધારણ કરનારાઓને કદી મૂર્ખ ન માનવા કારણ કે તેઓ બોલબોલ કરનારાઓ કરતાં અધિક બુદ્ધિમાન હોય છે. ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

મોદી સરકારનું સીમાંકન બીલ લોકશાહી માટે મોટો ખતરો, ચૂંટણીપંચને જવાબદારી સોંપવી યોગ્ય નહી : ખડગે

નવી દિલ્હી, તા.૨૮



ભારતીય ગઠબંધનના નેતાઓની બેઠક રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેના નિવાસસ્થાને યોજાઈ હતી. બેઠકમાં સીમાંકન સંબંધિત બંધારણ સુધારા બિલ સામે સંયુક્ત રણનીતિ ઘડવામાં આવી હતી. બેઠક બાદ ખડગેએ જણાવ્યું હતું કે મોદી સરકારનું આ બિલ લોકશાહી માટે મોટો ખતરો છે. સરકાર લોકસભાની બેઠકો વધારી સત્તા પર સંપૂર્ણ નિયંત્રણ મેળવવા માગે છે.

તેમણે આરોપ લગાવ્યો હતો કે લાખો મતદારોને મતદાર યાદીમાંથી દૂર કરનાર ચૂંટણી પંચને સીમાંકનની જવાબદારી સોંપવી યોગ્ય નથી. ૨૦૨૬ની વસ્તી ગણતરીના આંકડા જાહેર થયા બાદ અનુસૂચિત જાતિ અને જનજાતિના હિસ્સા અંગે ચર્ચા થવી જોઈએ.

આસામ અને જમ્મુ-કાશ્મીરમાં થયેલા સીમાંકનનો ઉલ્લેખ કરીને તેમણે સરકાર પર રાજકીય લાભ માટે મતવિસ્તારોમાં ફેરફાર કરવાનો આક્ષેપ કર્યો હતો. બીજી તરફ કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ વિપક્ષને રાજકારણથી ઉપર ઊઠીને મહિલા સશક્તિકરણ માટે બિલને સમર્થન આપવા અપીલ કરી હતી. આ બિલમાં લોકસભા અને વિધાનસભાઓમાં મહિલાઓને ૩૩ ટકા અનામત આપવાની જોગવાઈ છે.

સરકાર ૩૦ નવેમ્બરથી શરૂ થનારા સંસદના ખાસ સત્રમાં બિલ રજૂ કરે તેવી શક્યતા છે.

રાજ્યમંત્રી કૌશિક વેકરિયાએ ખેડબ્રહ્માના પ્રગતિશીલ ખેડૂતના ખેતરની મુલાકાત લીધી

અમરેલી,તા.૨૮



રાજ્યમંત્રી કૌશિક વેકરિયાએ ખેડબ્રહ્મા પ્રવાસ દરમિયાન પોશીના તાલુકાના જીઝનાટ ગામે પ્રગતિશીલ ખેડૂત મુગલીયા લાલજીભાઈ ચકલાભાઈના ખેતરની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે ખેડૂત દ્વારા અપનાવવામાં આવતી ખેતીની વિવિધ પદ્ધતિઓ, ઉગાડવામાં આવતા પાકો તેમજ આધુનિક કૃષિ પ્રયોગો અંગે વિસ્તૃત માહિતી મેળવી હતી. આ ઉપરાંત ખેતી ક્ષેત્રે ખેડૂતના અનુભવો, નવીન અભિગમ અને ખેતીમાં કરવામાં આવતા પ્રયોગો અંગે પણ સંવાદ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ખેડૂતોની મહેનત, નવીન વિચારો અને પ્રગતિશીલ અભિગમ કૃષિ ક્ષેત્રના વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે. ખેડૂતો દ્વારા કરવામાં આવતા આવા પ્રયોગો અન્ય ખેડૂતો માટે પણ પ્રેરણારૂપ બની શકે છે.

જીઝનાટ ગામે ખેતીની આધુનિક પધ્ધતિઓ અને કૃષિ પ્રયોગોની મેળવી માહિતી

ભારત સ્વદેશી શસ્ત્રોનું નિર્માણ કરી રહ્યું છે: રાષ્ટ્રપતિ મુર્મુ

કન્નુર, તા.૨૮

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કેરળના કન્નુર જિલ્લામાં આવેલી ભારતીય નૌકાદળ એકેડેમી એઝિમાલાની પાસિંગ આઉટ પરેડમાં હાજરી આપી હતી. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે ભારત પોતાની સંરક્ષણ ક્ષમતાઓ મજબૂત બનાવી રહ્યું છે.

દેશના શિપયાર્ડમાં સ્વદેશી યુધ્ધજહાજો અને સબમરીનનું નિર્માણ થઈ રહ્યું છે. આ આત્મનિર્ભર ભારત તરફની મહત્વપૂર્ણ પહેલ છે. તેમણે કહ્યું કે વૈશ્વિક વેપારનો મોટો હિસ્સો દરિયાઈ માર્ગો દ્વારા થાય છે.

તેથી દરિયાઈ માર્ગોની સુરક્ષા આર્થિક સમૃદ્ધિ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. નવી ટેકનોલોજીથી યુધ્ધ અને દરિયાઈ સુરક્ષાનું સ્વરૂપ બદલાઈ રહ્યું છે. તાલીમાર્થી અધિકારીઓને સમર્પણ અને અનુકૂલનક્ષમતા સાથે દેશની સેવા કરવા અપીલ કરી હતી.

ધોરાજીમાં કે.ઓ. શાહ કોલેજ ગ્રાઉન્ડ બચાવવા સર્વપક્ષીય આંદોલનના મંડાણ

ધોરાજી,તા.૨૭



ધોરાજીના કે.ઓ. શાહ કોલેજના એકમાત્ર જાહેર ગ્રાઉન્ડને બચાવવા વિશાળ સભા યોજાઈ હતી. ગ્રાઉન્ડમાં સરકારી અધિકારીઓના બંગલા બનાવવાના નિર્ણય સામે લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી સહિત વિવિધ સામાજિક સંસ્થાઓએ એક મંચ પર આવી આંદોલન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાએ જણાવ્યું હતું કે કોઈપણ સંજોગોમાં ગ્રાઉન્ડમાં બંગલા બનાવવા નહીં દેવાય અને કામ શરૂ થશે તો પ્રજા તેને અટકાવશે. ભાજપના આગેવાન જયસુખભાઈ ઠેસિયા, નગરપાલિકાના કારોબારી ચેરમેન સી.સી. અંટાળા સહિતના આગેવાનોએ પણ સમર્થન આપ્યું હતું. પૂર્વ નગરપતિઓ, કોંગ્રેસના હોદેદારો અને આપના આગેવાનોએ વિરોધ નોંધાવ્યો હતો. ગ્રાઉન્ડમાં વર્ષોથી લોકમેળા, ધાર્મિક કાર્યક્રમો અને જાહેર સભાઓ યોજાય છે. આંદોલનમાં સાંસદ અને ધારાસભ્યની ગેરહાજરી પણ ચર્ચાનો વિષય બની હતી. કાર્યક્રમનું સંચાલન બાબુલાલ જાગાણીએ કર્યું હતું.

બરેલીમાં યુવતીએ સનાતન ધર્મ અપનાવી પ્રેમી સાથે લગ્ન કર્યા

બરેલી, તા.૨૮

ઉત્તર પ્રદેશના બરેલીમાં મહમુદપુર ગામની નરગીસે સનાતન ધર્મ અપનાવી પોતાનું નામ બદલી ઈચ્છા દેવી રાખ્યું છે. ત્યારબાદ તેણે ગામના જ આકાશ કશ્યપ સાથે લગ્ન કર્યા હતા.

લગ્ન પહેલાં સુભાષનગરના માધિનાથ સ્થિત અગસ્ત્ય મુનિ આશ્રમમાં ધાર્મિક વિધિ યોજાઈ હતી. મહંત પંડિત કે.કે. શંખધરે વૈદિક મંત્રોચ્ચાર સાથે શુદ્ધિકરણ વિધિ કરાવી હતી. આ દરમિયાન યુવતીએ ગંગાજળ અને ગૌમૂત્રનું સેવન કરી ગાયત્રી મંત્રનો પાઠ કર્યો હતો. યુવતીએ જણાવ્યું હતું કે તે છેલ્લા ચારથી પાંચ વર્ષથી સનાતન ધર્મમાં આસ્થા ધરાવે છે અને પોતાની મરજીથી ધર્મ પરિવર્તન કર્યું છે. બંનેએ લગ્ન અને ધર્મ પરિવર્તનના દસ્તાવેજો રજૂ કર્યા છે. પરિવારના વિરોધને પગલે હાલમાં તેઓ દિલ્હીમાં રહે છે.

વડોદરા એરફોર્સ સ્ટેશનના ફોટા પાકિસ્તાન મોકલ્યા હોવાની આંતકવાદીએ કરી કબુલાત

વડોદરા, તા.૨૮





ગુજરાત એટીએસએ હાલોલ-વડોદરા હાઈવે પરથી ઝડપેલા જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલા મોહમ્મદ શાહરૂલ ઈસ્લામ કબીરુદ્દીનની પૂછપરછમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. આરોપીએ વડોદરા એરફોર્સ સ્ટેશનના ગેટના ફોટા અને વીડિયો પાકિસ્તાન સ્થિત હેન્ડલરને મોકલ્યા હોવાની વિગતો સામે આવી છે. તેના મોબાઈલમાંથી એકે-૪૭ રાયફલ ચલાવવાની તાલીમના વીડિયો પણ મળ્યા છે. આસામ સ્થિત તેના ઘરે તપાસ દરમિયાન જૈશ-એ-મોહમ્મદનો ઝંડો અને જેહાદી સાહિત્ય મળી આવ્યું હતું. આરોપી છેલ્લા એક વર્ષથી પાકિસ્તાની હેન્ડલર મુફ્તી રફીકના સંપર્કમાં હોવાની વિગતો મળી છે. તેની પાસેથી એક એકે-૪૭ રાયફલ અને ૨૩ જીવતા કારતૂસ મળી આવ્યા હતા. એટીએસએ વાઘોડિયા કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે ૧૪ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. પોલીસ હવે તેના સંપર્કો અને નાણાકીય વ્યવહારોની તપાસ કરી રહી છે.

ભારત અને અમેરિકા વચ્ચે મુક્ત વેપાર કરારની વાટાઘાટો ચાલુ: વાણિજ્યસચિવ

સંજોગ ન્યુઝ



વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે ભારત અને અમેરિકા વચ્ચે મુક્ત વેપાર કરાર (એફટીએ) અંગેની વાટાઘાટો ચાલુ છે. બંને દેશો માટે ફાયદાકારક બને તેવો કરાર કરવાની દિશામાં પ્રયાસો થઈ રહ્યા છે. અમેરિકાને ભારતનો સૌથી મોટો વેપારી ભાગીદાર ગણાવતાં તેમણે જણાવ્યું હતું કે ભારત અમેરિકામાં ૯૦ અબજ ડોલરથી વધુની નિકાસ કરે છે. કરાર પૂર્ણ કરવાની કોઈ ચોક્કસ સમયમર્યાદા નક્કી કરી શકાય તેમ નથી. આ વર્ષે અમેરિકામાં ભારતની નિકાસમાં વધારો નોંધાયો છે. સરકાર નાના વેપારીઓ અને ઉદ્યોગસાહસિકોને નિકાસ માટે પ્રોત્સાહિત કરવા જિલ્લા સ્તરે જાગૃતિ કાર્યક્રમો યોજશે. આ ઉપરાંત એમએસએમઈ ક્ષેત્રને નિકાસની તકો અને ઈ-કોમર્સ અંગે માર્ગદર્શન આપવામાં આવશે. ઈ-કોમર્સના માધ્યમથી નાના હસ્તકલા ઉત્પાદકો પણ આંતરરાષ્ટ્રીય બજારમાં પોતાના ઉત્પાદનો પહોંચાડી શકશે.

ઉનાના નાથળ ગામે વાડીના કુવામાંથી અજાણ્યા યુવકનો કોહવાયેલી હાલતમાં મૃતદેહ મળ્યો

ઉના,તા.૨૮



ઉના તાલુકાના નાથળ ગામે ભીખાભાઈ સિલોતની વાડીના કુવામાંથી અજાણ્યા યુવકનો કોહવાયેલી હાલતમાં મૃતદેહ મળી આવતાં ચકચાર મચી ગઈ હતી. કુવામાંથી દુર્ગંધ આવતાં ગ્રામજનોને શંકા જતાં બનાવની જાણ પોલીસને કરવામાં આવી હતી. ત્યારબાદ ઉના નગરપાલિકાની ફાયર ટીમ અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. કલાકોની જહેમત બાદ મૃતદેહને કુવામાંથી બહાર કાઢી સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. મૃતક યુવકની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. મૃતદેહ કોહવાઈ ગયેલી હાલતમાં હોવાથી ઓળખ કરવામાં મુશ્કેલી પડી રહી છે. શરીર કે કપડાંમાંથી ઓળખનો કોઈ પુરાવો મળ્યો નથી, પરંતુ જમણા હાથના અંગૂઠા પાસે 'કે.પી.' લખેલું નિશાન જોવા મળ્યું છે. પોલીસે ઓળખ મેળવવા અને મોતના સંજોગો જાણવા તપાસ હાથ ધરી છે.

ભીમાસરમાં ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજનું ભવ્ય સ્નેહમિલન યોજાયું

ઉના,તા.૨૮



રાપર તાલુકાના ભીમાસર ખાતે શ્રી ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજ દ્વારા ભવ્ય સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. જેમાં રાજ્યસભાના સાંસદ માનસિંહભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રાપરના ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા, રામજીભાઈ સોલંકી સહિત સમાજના આગેવાનો, વડીલો અને યુવાનો જોડાયા હતા. કાર્યક્રમમાં સમાજની એકતા, ભાઈચારો, સંસ્કાર અને સર્વાંગી વિકાસનો સંદેશ આપવામાં આવ્યો હતો. સાંસદે આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા.

અફઘાનિસ્તાનની શાળામાં ભયાનક વિસ્ફોટ થતા અનેક વિદ્યાર્થીઓનાં મોત

કાબુલ, તા.૨૮



અફઘાનિસ્તાનના પૂર્વીય કુનાર પ્રાંતમાં શનિવારે સવારે એક શાળામાં શક્તિશાળી વિસ્ફોટ થતાં અનેક વિદ્યાર્થીઓનાં મોત થયાં હતાં અને ૯૦થી વધુ બાળકો ઘાયલ થયાં હોવાનો અહેવાલ છે. અંદાર સેર વિસ્તારમાં સવારે ૧૦ વાગ્યે બનેલી આ ઘટનાથી અફરાતફરી મચી ગઈ હતી. પોલીસ અને તપાસ ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. જોકે, વિસ્ફોટનું ચોક્કસ કારણ હજુ જાણવા મળ્યું નથી. અફઘાનિસ્તાનમાં શાળાઓ પર હુમલાની આ પહેલી ઘટના નથી. અગાઉ કાબુલમાં પણ શાળા પર ગ્રેનેડ હુમલો થયો હતો. તાલિબાન શાસન હોવા છતાં દેશમાં આતંકવાદી હુમલાઓ અને વિસ્ફોટોની ઘટનાઓ યથાવત્ રહેતાં નાગરિકોની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

પાકિસ્તાનની જેલોમાં કેદ ભારતીય માછીમારો અને જપ્ત બોટોને મુક્ત કરાવવા વડાપ્રધાન-સીએમને રજૂઆત

ઉના,તા.૨૮



પાકિસ્તાનની જેલોમાં બંધ ભારતીય, ખાસ કરીને ગુજરાતના નિર્દોષ માછીમારો અને તેમની જપ્ત કરાયેલી બોટોને તાત્કાલિક મુક્ત કરાવી સ્વદેશ પરત લાવવા ગીર સોમનાથ જિલ્લા ભાજપ (બક્ષીપંચ મોરચા)ના મહામંત્રી રસિક ચાવડા (આર.સી.) દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ ગાંધીનગર સ્થિત મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી કાર્યાલયને લેખિત રજૂઆત કરાઈ છે. રજૂઆતમાં જણાવાયું છે કે પોરબંદર, વેરાવળ, માંગરોળ, ઉના, જાફરાબાદ, ઓખા, કોડીનાર અને દીવના માછીમાર સમુદાયોની આજીવિકા માછીમારી પર નિર્ભર છે. દરિયામાં સ્પષ્ટ સીમા ન હોવાથી તેજ પવન, મોજા કે ટેકનિકલ ખામીના કારણે તેઓ અજાણતામાં આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમા (IMBL) ઓળંગી જાય છે, જ્યાં પાકિસ્તાની એજન્સી (PMSA) તેમની ધરપકડ કરી બોટો જપ્ત કરે છે. આથી, વિદેશ મંત્રાલય અને ભારતીય ઉચ્ચાયોગ મારફતે કૂટનીતિક વાટાઘાટો કરી, ત્વરિત 'કોન્સ્યુલર એક્સેસ' અને નાગરિકતા ચકાસણીની પ્રક્રિયા ઝડપી બનાવી માછીમારો તથા તેમની બોટો પરત અપાવવા માંગ કરાઈ છે, જેથી તેમની આજીવિકા પુનઃ શરૂ થઈ શકે.

૮૫૦ બેઠકો લોકશાહીનું પ્રથમ ખૂન છે, સીમાંકનથી ચૂંટણીમાં ગોટાળાની નવી યોજના : રાહુલ ગાંધી

નવી દિલ્હી, તા.૨૮



કેન્દ્ર સરકાર દ્વારા સીમાંકન બિલની તૈયારીઓ પૂર્ણ કરી કેબિનેટની મંજૂરી આપવામાં આવી છે. આગામી ૩૦ નવેમ્બરે લોકસભામાં બિલ રજૂ થવાની શક્યતા વચ્ચે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે ૮૫૦ બેઠકોને લોકશાહી માટે ખતરારૂપ ગણાવી આક્ષેપ કર્યો કે સીમાંકન દ્વારા મતવિસ્તારોનો નકશો ભાજપની અનુકૂળતા મુજબ તૈયાર કરવામાં આવશે. ઈન્દિરા ભવન ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં રાહુલ ગાંધીએ જણાવ્યું કે ચૂંટણી પંચ બાદ હવે સીમાંકન પંચનો ઉપયોગ કરીને ચૂંટણી વ્યવસ્થામાં નિયંત્રણ મેળવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. તેમના મતે પંચની રચના એવી રીતે કરવામાં આવી છે કે સરકારને નિર્ણયો પર વધુ પ્રભાવ મળી શકે. તેમણે મતદાર યાદીમાંથી નામો દૂર કરવા સહિતના મુદ્દાઓ ઉઠાવી ચૂંટણીમાં ગેરરીતિના આક્ષેપો કર્યા હતા. આ અંગે ટૂંક સમયમાં વધુ વિગતો જાહેર કરવાની પણ જાહેરાત કરી હતી.દરમિયાન કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ વિપક્ષી ઈન્ડિયા ગઠબંધનની બેઠક બોલાવી હતી. સીમાંકન બિલ અંગે વિપક્ષમાં મતભેદો પણ સામે આવ્યા છે. ડીએમકે અને શરદ પવારની એનસીપી (એસપી)એ સમર્થન વ્યક્ત કર્યું છે, જ્યારે ઝારખંડ મુક્તિ મોરચાએ બિલની સમીક્ષા બાદ નિર્ણય લેવાનું જણાવ્યું છે.

૨-૩ ડિસેમ્બર બાદ રાજ્યમાં ઠંડીનો નવો રાઉન્ડ શરૂ થશે: અંબાલાલ પટેલની આગાહી

અમદાવાદ, તા.૨૮

હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે ગુજરાતમાં ઠંડીને લઈને મોટી આગાહી કરી છે. તેમના જણાવ્યા મુજબ ૨-૩ ડિસેમ્બર બાદ રાજ્યમાં ઠંડીનો નવો રાઉન્ડ શરૂ થશે. પશ્ચિમી વિક્ષેપ ઓછા હોવાથી હાલમાં ઠંડીનું પ્રમાણ ઓછું છે, પરંતુ ઉત્તર ભારતના પર્વતીય વિસ્તારોમાં હિમવર્ષા થતાં ગુજરાતમાં ઠંડા પવનો ફૂંકાશે. ૧૭ થી ૧૯ ડિસેમ્બર દરમિયાન હાડ થીજવતી ઠંડી પડવાની શક્યતા છે. ૨૨ ડિસેમ્બર બાદ પણ ભારે હિમવર્ષાની આગાહી કરવામાં આવી છે. દરમિયાન રાજ્યમાં તાપમાનમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. વડોદરામાં ૧૬.૫ ડિગ્રી, નલિયામાં ૧૭ ડિગ્રી, અમદાવાદમાં ૧૮.૩ ડિગ્રી અને રાજકોટ તથા



અમરેલીમાં ૧૮.૨ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. અંબાલાલે જીરું સહિતના પાકમાં રોગ અને અન્ય પાકોમાં ઈયળોનો ઉપદ્રવ થવાની પણ શક્યતા વ્યક્ત કરી છે. એરંડાનો પાક સારો રહેવાની આશા દર્શાવી છે.

ત્રણ દિવસ કાતિલ ઠંડી પડવાની શક્યતા, ૧૭થી ૧૯ ડિસેમ્બર દરમિયાન હાડ થીજવતી ઠંડીનો વરતારો

ગોંડલની નાની બજારમાં તેલના વેપારીની છરીના ઘા ઝીંકી હત્યા

દુકાનદારનો મૃતદેહ દુકાનમાંથી લોહીલુહાણ હાલતમાં મળ્યો, બાઈક ગાયબ થતાં લૂંટની આશંકા

ગોંડલ,તા.૨૮

ગોંડલ શહેરની નાની બજાર સ્થિત ચુનારા શેરીમાં મહાવીર ટ્રેડર્સ નામે તેલ અને બેસનનો હોલસેલ વેપાર કરતા ૬૧ વર્ષીય ભરતસિંહ નાનભા ડાભીની અજાણ્યા શખ્સોએ છરીના ઘા ઝીંકી



તસવીર : ભોજાણી દેવાંગ

હત્યા કરી હતી. તેઓ છેલ્લા ૩૦થી ૩૫ વર્ષથી વેપાર કરતા હતા. રાત્રે ૧૦ થી ૧૧ વાગ્યાની વચ્ચે આ બનાવ બન્યો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. રાત્રે ૧૧:૩૦ વાગ્યા સુધી દુકાન ખુલ્લી રહેતાં પડોશીઓએ તપાસ કરતાં વેપારી લોહીલુહાણ હાલતમાં મૃત મળી આવ્યા હતા. તેમનું સ્પ્લેન્ડર બાઈક પણ ગાયબ હોવાથી લૂંટની આશંકા વ્યક્ત થઈ રહી છે. બનાવની જાણ થતાં રાજકોટ ગ્રામ્ય એસપી વિજયસિંહ ગુર્જર સહિત પોલીસ કાફલો દોડી ગયો હતો. ડોગ સ્કવોડ, એફએસએલ અને સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરાઈ છે.

વિદેશ જતા મિત્રને મૂકવા અમદાવાદના એરપોર્ટ રોડ પર અકસ્માતમાં યુવકનું મોત

કાર રેલિંગ સાથે અથડાઈ પલટી ખાતાં ત્રણ મિત્રો ઈજાગ્રસ્ત, કારચાલક યશ અકસ્માત બાદ ફરાર

અમદાવાદ, તા.૨૮

અમદાવાદના એરપોર્ટ રોડ પર ૨૭ નવેમ્બરની મોડી રાત્રે ત્રણ વાગ્યે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. વિદેશ જઈ રહેલા મિત્રને એરપોર્ટ મૂકવા પાંચ મિત્રો સ્કોડા કારમાં જઈ રહ્યા હતા. દરમિયાન કારચાલક યશે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર રેલિંગ સાથે અથડાઈ પલટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં ૩૨ વર્ષીય મયુર આઝાદ રાઠોડનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય ત્રણ મિત્રો ઈજાગ્રસ્ત થતાં તેમને હોસ્પિટલમાં ખસેડાયા હતા. ચોંકાવનારી બાબત એ છે કે કાર ચલાવી રહેલો યશ અકસ્માત બાદ સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

બોટાદના ટાટમ ગામે માતાએ બે સંતાનો સાથે ટ્રેનનીચેપડતુંમુક્યું, માતા-પુત્રીનાંથયામોત

ભાવનગર, તા.૨૮

બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના ટાટમ ગામે અત્યંત કરુણ ઘટના બની છે. આરતીબેન યોગેશભાઈ કહોદરીયાએ પોતાના બે સંતાનો સાથે ટ્રેનની અડફેટે આવી જીવન ટૂંકાવ્યું હતું. આ દુર્ઘટનામાં આરતીબેન અને તેમની પુત્રીનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે પુત્રને ગંભીર ઈજાઓ પહોંચતાં સારવાર માટે હોસ્પિટલમાં



ખસેડવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતાં રેલવે પોલીસ અને સ્થાનિક લોકો સ્થળ પર દોડી આવ્યા હતા. પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે બોટાદની સરકારી હોસ્પિટલમાં મોકલી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક સ્તરે ઘરકંકાસની ચર્ચા થઈ રહી છે, જોકે પોલીસે આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કરી નથી. ઘટનાનું ચોક્કસ કારણ જાણવા પરિવારજનોનાં નિવેદનો સહિત વિવિધ પાસાઓની તપાસ હાથ ધરવામાં આવી છે. પુત્રની હાલત અંગે વધુ સત્તાવાર માહિતી સામે આવી નથી. આ ઘટનાથી પરિવારમાં શોકની લાગણી ફેલાઈ છે.

દીકરાને સિગારેટ લેવા મોકલવા મુદ્દે ઠપકો આપતાં પિતાની છરીના ઘા ઝીંકી હત્યા

થલતેજમાં એએમસીના સફાઈ કામદારનું સારવાર દરમિયાન મોત, હુમલો કરી આરોપી ફરાર

અમદાવાદ, તા.૨૮

અમદાવાદના થલતેજ વિસ્તારમાં મથુરા નગરી ઔડાનાં મકાનોમાં દીકરાને બીડી-સિગારેટ લેવા મોકલવા મુદ્દે થયેલી બોલાચાલીમાં એક વ્યક્તિની હત્યા થઈ છે. એએમસીના સફાઈ કામદાર કનુભાઈએ ધ્રુવ મકવાણાને ઠપકો આપતાં ઉશ્કેરાયેલા ધ્રુવે તેમને લાફો મારી છરીનો ઘા ઝીંક્યો હતો. ગંભીર રીતે ઘાયલ કનુભાઈને સોલા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. બનાવ બાદ આરોપી ફરાર થઈ ગયો હતો. મૃતકનાં પત્ની મીનાબેને બોડકદેવ પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી છે.

નખત્રાણામાં ટ્રેલરની ટક્કરે બે શિક્ષિકાનાં મોતથતાકચ્છજિલ્લામાંઅરેરાટીપ્રસરી

ભુજ, તા.૨૮

કચ્છ જિલ્લામાં માર્ગ અકસ્માતોની ઘટનાઓમાં ચિંતાજનક વધારો થયો છે. નખત્રાણા તાલુકાના ઢોરા ગામ નજીક આજે મોપેડ અને ટ્રેલર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં મોપેડ પર સવાર બે શિક્ષિકાઓનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. ઘટનાની જાણ થતાં પોલીસ અને સ્થાનિક લોકો સ્થળ



પર દોડી આવ્યા હતા. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માતના કારણોની તપાસ શરૂ કરી છે. દરમિયાન, છેલ્લા એક અઠવાડિયામાં કચ્છમાં ત્રણ મોટા માર્ગ અકસ્માતોમાં કુલ ૧૩ લોકોનાં મોત થયાં છે. દેશલપર-હાજીપીર માર્ગ પર ચાર અને ખાવડા-ભુજ માર્ગ પર સાત લોકોનાં મોત થયાં હતાં. ઔદ્યોગિક એકમો અને બંદરોને કારણે ભારે વાહનોની અવરજવર વચ્ચે સતત બનતા અકસ્માતોએ માર્ગ સલામતી સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. ભારે વાહનોની ઝડપ અને બેફામ ઓવરટેકિંગ પર નિયંત્રણની માગ ઉઠી છે.

રાજ્યમાંગાંજાનીખેતીનોપર્દાફાશ:ગોધરામાં ૩. ૪.૬૨ કરોડનો મુદ્દામાલ ઝડપાયો

ભાવનગર, તા.૨૮

ગુજરાતમાં ગાંજાની ગેરકાયદે ખેતીના બે મોટા કિસ્સા સામે આવ્યા છે. પંચમહાલના ગોધરા અને ભાવનગરમાં પોલીસે અલગ-અલગ કાર્યવાહી કરી નશાના કારોબારનો પર્દાફાશ કર્યો છે. ગોધરાના કંકુથાંભલા ગામે ચાર ખેતરોમાં ગાંજાનું વાવેતર ઝડપાયું હતું. પોલીસે



૫૦૨ છોડ કબજે કર્યા હતા, જેનું વજન ૯૨૪.૦૧ કિલોગ્રામ અને કિંમત રૂ.૪.૬૨ કરોડ આંકવામાં આવી છે. આ કેસમાં પ્રભાતભાઈ બારિયા, ગુલાબભાઈ બારિયા, સોનાભાઈ બારિયા અને કમળાબેન બારિયાની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ હવે ગાંજાના છોડ ક્યાંથી લાવવામાં આવ્યા, વેચાણ ક્યાં થતું હતું અને અન્ય કોણ સંડોવાયેલું છે તેની તપાસ કરી રહી છે.

ગાંધીનગરમાં ખેલ સહાયકોનું આંદોલન ૧૧મા દિવસે પણ યથાવત

કાયમી ભરતી અને ખાલી જગ્યાઓ ભરવાની માંગ સાથે ધરણાં, સરકાર સામે આંદોલન ચાલુ રાખવાની ચીમકી

ગાંધીનગર,તા.૨૮

રાજ્યના ખેલ સહાયકો દ્વારા કાયમી ભરતીની માંગ સાથે ગાંધીનગરમાં શરૂ કરાયેલું આંદોલન ૧૧મા દિવસે પણ યથાવત્ રહ્યું છે. ખેલ સહાયકોના જણાવ્યા મુજબ તેઓ છેલ્લા ત્રણ વર્ષથી દૈનિક વેતનના આધારે ફરજ બજાવે છે, છતાં તેમને કાયમી કરવામાં આવ્યા નથી. માત્ર કામના દિવસોનું વેતન મળતું હોવાથી વેકેશન દરમિયાન આવક બંધ થઈ જાય છે અને પરિવારનું ગુજરાન ચલાવવામાં મુશ્કેલી



પડે છે. આંદોલનકારીઓના જણાવ્યા મુજબ રાજ્યમાં કુલ ૫,૭૦૦ જગ્યાઓ સામે હાલ માત્ર ૧,૭૫૭ ખેલ સહાયકો જ કાર્યરત છે. ખાલી જગ્યાઓ પર કાયમી ભરતી કરી તમામ ખેલ સહાયકોનો સર્વે કરવાની માંગ કરવામાં આવી છે. ઉપરાંત એસએટીના આધારે થનારી ભરતીમાં વર્ષોથી ફરજ બજાવતા અનુભવી ખેલ સહાયકોને પ્રાધાન્ય આપવા રજૂઆત કરી છે. ખેલ સહાયકોનો આક્ષેપ છે કે છેલ્લા ૧૯ મહિનાથી કાયમી ભરતી અંગે માત્ર આશ્વાસનો જ આપવામાં આવે છે. અગાઉ ૩૨ દિવસ સુધી આંદોલન કર્યા છતાં કોઈ નક્કર નિર્ણય ન આવતાં ફરી ધરણાં કરવાની ફરજ પડી છે. આંદોલનકારીઓએ 'ભીખ નહીં, મહેનતનો હક જોઈએ'ના નારા સાથે સરકાર સમક્ષ પોતાની માંગ રજૂ કરી છે. સરકાર દ્વારા સકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની ચીમકી ઉચ્ચારી છે.





